श्री प्राणनाथ जी वाणी

|| प्रेम खोल देवे सब द्वार ||





# શ્રી કૃષ્ણ ત્રિધા લીલા



શ્રી પ્રાણનાથ જી વાણી

|| પ્રેમ ખોલી દેશે બધા દ્વાર ||

श्री प्राणनाथ जी वाणी
|| प्रेम खोल देवे सब द्वार ||

## શ્રી પ્રાણનાથજી વાણી સેવા પરિવાર

ધામધણીજી ની મહેર થી પ્યારે **સતગુરુ શ્રી રાજન સ્વામીજી** ની અનુપમ ટીકા માંથી **"શ્રી પ્રાણનાથજી વાણી"** યુ ટ્યૂબ ચેનલ પર થયેલ **"શ્રી કૃષ્ણ ત્રિધા લીલા"** ની અદ્ભુત ચર્ચા ને સાંભળી અમારા પ્યારા સુંદરસાથજી દ્વારા લખવાની અતિ સુંદર પ્રેમપૂર્ણ સેવા પ્રદાન કરવામાં આવેલ છે.

> **" ત્રિવિધ લીલા જાનિએ, જાનો પ્રિયતમ નામ |**
> **પિઉ કી વાણી કહ રહી, ચલ મૂલ મિલાવા ધામ || "**
>
> **શશી કિરણ**

**શ્રી કૃષ્ણત્રિધા લીલા ચર્ચા –** સોનિયા જુનેજા (ઓસ્ટ્રેલિયા)
**લેખન ની સેવા –** ઈશા અસ્થાના (હોશિયારપુર)
**અનુવાદ –** પ્રવિણભાઈ પટેલ (હિંમતનગર), સંજીવભાઈ શાહ(અમદાવાદ)
**પ્રૂફરીડિંગ ની સેવા –** વિનોદભાઈ પટેલ (હિંમતનગર), પ્રફુલાબેન પટેલ (સૂરત)
આપ બધા નિસ્વાર્થ, અથાક અને નિરંતર સેવાભાવી સુંદરસાથજી ના ચરણોમાં
**કોટિ-કોટિ પ્રેમ પ્રણામજી.**

## કોપીરાઈટ

કોપીરાઈટ © 2024 **શ્રી પ્રાણનાથ જી વાણી**
બધા હકો અમારી પાસે રાખેલા છે. પરવાનગી વિના આ પુસ્તકના કોઈપણ ભાગને કોઈપણ સ્વરૂપમાં છાપવા, પુનઃઉત્પાદન કરવા અથવા તેનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ છે.



સંક્ષિપ્ત પરિચય સમય કાઢી ને વાંચવા બદલ **ધન્યવાદ !**
અમો આપ સૌ સુંદરસાથજી ને વિનંતી કરીએ છીએ કે આપ શ્રી ની પ્રમાણિક પ્રતિક્રિયા મોકલશો.

**આપણી ચરણરજ,**
**શ્રી પ્રાણનાથજી વાણી પરિવાર**

# પ્રસ્તાવના

**ક્યોં મેહેર મુઝ પર ભઇ, એ થી દિલ મેં સક ।**
**મૈં જાની મૌજ મેહેબૂબ કી, વહ દેત આપ માફક ॥**
**શ્રી કિરંતન પ્ર. ૮૨ ચો. ૫**

અક્ષરાતીત નું હૃદય જ્ઞાન નો અનંત સાગર છે. આ સાગર માંથી એક બુંદ મહામતીજી ના ધામ હ્રદય માં આવીને સાગર નું સ્વરૂપ બની ગયું અને તેના થકી **શ્રી તારતમ વાણી** નો ખજાનો આપણ સૌને પ્રાપ્ત થયો. પ્યારા સતગુરૂ સરકારશ્રીજી એ વાણી ને ટીકા સ્વરૂપ કરી એ અખંડ ધરોહર ને પામવા માટે નો રસ્તો (માર્ગ) સરળ કરી આપ્યો ત્યાર પછી ધામધણી ની મેહેર થી પ્યારા સતગુરુ શ્રી રાજન સ્વામીજી એ આ જ્ઞાન ને ઊંડા (ગહરા) સાગર માં કુશળ ડૂબકીમાર ની જેમ ડૂબકી લગાવી ને શ્રી મુખવાણી નું ટીકા ભાવાર્થ સાથે રૂપાંતરણ કર્યું જે આજ દિન સુધી છુપાઈ રહેલા બધા ગુઢ રહસ્યો ને ખોલી આપણા બધાનું જીવન ધન્ય કરી દીધું.

ધામધણી ની મેહેર થી શ્રી કૃષ્ણ ત્રિધા લીલાના જ્ઞાન ને જાણવા માટેની જીજ્ઞાસા ખૂબજ વધી ગઈ જે શ્રી રાજન સ્વામીજી દ્વારા તારતમ વાણી ના ટીકા ભાવાર્થ થી શાંત થઈ અને પ્રથમ વખત ખબર પડી કે, જ્ઞાન થી કેટલો બધો વિલાસ મળે છે. શ્રી કૃષ્ણ ત્રિધા લીલા ના ભેદ પૂજ્ય રાજન સ્વામીજી ની ચર્ચાઓ અને તેમના દ્વારા કરેલ શ્રી રાસ, શ્રી પ્રકાશ હિન્દુસ્તાની અને શ્રી કલશ હિંદુસ્તાની ના ટીકા થી સમજમાં આવવા લાગ્યા. “શ્રી પ્રાણનાથજી વાણી” ઝૂમ અને યુ ટ્યૂબ ચેનલ ના માધ્યમ થી બધાજ સુંદરસાથ ની સાથે ચર્ચા થવા લાગી. ધણીજી ની મેહેર થી વ્રજ અને રાસ ની લીલાઓ જાણ્યા પછી માયાની ગતિવિધિયો થી થોડા દૂર થઈ બ્રહ્મવાણી ને પ્રેમ કરવા લાગ્યા. જેવું કંઈ નવું જાણવા મળતું, તો પારાવાર આનંદ થતો હતો અને બધી સખીઓ ના હ્રદય વ્રજ અને રાસ ની  લીલાઓ માં જ્ઞાન દ્રષ્ટિ થી આનંદ માણવા લાગ્યા.

વ્રજ લીલા (પુરી નીંદ ની લીલા) માં શ્રી કૃષ્ણજી ના સ્વરૂપ ની વાસ્તવિક ઓળખાણ (પહેચાન) ન હતી તો પણ આપણે સૌ ગોપીઓ ના રોમ રોમ માં શ્રી કૃષ્ણજી વસતાં હતા. યોગમાયા માં થયેલ રાસ (આધી નીંદ - આધી જાગૃતિ) માં ઉથલા વચન, રામતો નો આનંદ, અંતર્ધ્યાન ની પીડા, બ્રહ્માનંદ અને ભજનાનંદ સ્વરૂપ ના ભેદ, અક્ષરાતીત ની ઓળખાણ (પહેચાન) અને જ્યાં કદી જુદાયગી ના હોય ત્યાં જવાની ઇચ્છા આ બધી લીલાઓ હ્રદય માં વસાવાથી જ મૂલમિલાવા માં જવા માટે ચિતવણી નો માર્ગ સરળ થઈ જાય છે.

વિરહ ની હવા મંદ પડેલી પ્રેમ ની અગ્નિ ને પ્રજ્વલ્લિત કેવી રીતે કરે છે એ બધું ગોપીઓ ની રહેણીમાંથી શીખવાનું મળે છે. પહેલા તો અતિસુંદર મનમોહક રૂપ (શ્રી કૃષ્ણજી નું) ધારણ કરીને પ્રિયતમ વાંસળી વગાડતા હતા અને આજે પણ ધામધણી શ્રી તારતમ વાણી રૂપી વાંસળી દરેક દિશાઓ માં વગાડી રહ્યા છે. આવો, તમામ બધા ભેદભાવ ભૂલાવી ને દરેક સુંદરસાથજી ને સાથે લઇ ગોપી સરીખો પ્રેમ ભાવ હ્રદય માં લઈને આપના પ્રિયતમ ને ઓળખીએ તથા પ્રેમ રૂપી પંથ (રાહ) પર પગલાં ભરીયે. પોતે પ્રેમ નું સૂતર ગુંથીએ અને બધાને સૂતર ગૂંથવા માટે પ્રેરિત કરીએ. સેવા અને સમર્પણ ના ભાવથી પરિપૂર્ણ થઇ જાગીએ અને જગાવીએ. પ્રેમ ની ધજા બનીને પૂરા બ્રહ્માંડ માં પ્રેમ નો સંદેશો ફેલાવીયે.

ચર્ચાના બધાંજ વિડિયો વારંવાર જોઇને તેને લેખિત સ્વરૂપ કરવું, વિભિન્ન ભાષાઓ માં અનુવાદ, પીડીએફ માં બનાવી અનેકવાર પ્રૂફ રીડિંગ કરવાની અથાક અને અણમોલ સેવા કરવાવાળા બધાંજ સુંદરસાથજી ના ચરણો માં પ્રેમ પ્રણામજી. શ્રી રાજજી ની મેહેર હેઠળ આપ હમેંશા સેવા કાર્યમાં સંલગ્ન રહી આત્મજાગૃતિ ના માર્ગ ને સરળ બનાવતા રહો.



**આપની ચરણ રજ**

**સોનિયા જુનેજા**

# અનુભૂમિકા

**પ્રિય સુંદરસાથજી !** સચ્ચિદાનંદ પરબ્રહ્મ ની અસીમ દ્રષ્ટિ થી 'શ્રી કૃષ્ણ ત્રિધા લીલા' ગ્રંથ આપ બધાની સમક્ષ પ્રસ્તુત કરવાનો મંગલ અવસર પ્રાપ્ત થયેલ છે. ધણી ને પામવા માટે સમર્પણ, વિરહ તથા અનન્ય પ્રેમ ની જરૂરિયાત છે જેનો આ ગ્રંથ માં થોડો પ્રકાશ પાડવાનો પ્રયાસ કરેલ છે. હું અલ્પજ્ઞાની છું, મને શબ્દોનું બિલકુલ જ્ઞાન નથી અને આ કાર્ય મારા માટે કઠિન હતું પરંતુ મારા સદગુરુ ધર્મવીર જાગનીરત્ન સરકાર શ્રી જગદીશચંદ્રજી તથા શ્રી રાજનસ્વામીજી ની કૃપાદ્રષ્ટિ થી આ કાર્ય સરળતા પૂર્વક સંપન્ન થયેલ છે.

જ્યારે પ્રથમ વાર યુ ટ્યૂબ (youtube) ના માધ્યમ થી 'શ્રી કૃષ્ણ ત્રિધા લીલા' સાંભળવાનો સુઅવસર પ્રાપ્ત થયો ત્યારે ધણીજી ની પ્રેરણા થી આને લેખિત રૂપ કરવાનો વિચાર મનમાં આવ્યો. શ્રી રાજન સ્વામીજી દ્વારા 'શ્રી કુલજમ સ્વરૂપ વાણી' ના ટીકા ને આધાર બનાવી સોનિયા જુનેજાજી એ યુ ટ્યૂબ ચેનલ "શ્રી પ્રાણનાથજી વાણી" પર 'શ્રી કૃષ્ણ ત્રિધા લીલા' ને ખૂબ જ સરળતા થી બધાજ સુંદરસાથ ને સમજાવવા નો સૌથી સુંદર પ્રશંસનીય પ્રયાસ કર્યો છે, જેના થકી સોનિયાજી બધા સુંદરસાથ ને ત્રિધા લીલા ની ઊંડાણ સુધી લઇ ગયા.

**આ ગ્રંથ માં મુખ્યરૂપ માં નીચે લખેલા વિષયો ઉપર વિવેચના કરવામાં આવેલ છે.**
૧. માયા ના ખેલ માં આવવાનું કારણ અને મહાકારણ.
૨. શ્રી અક્ષરબ્રહ્મજી ના અંતઃકરણ ના ભાગ.
૩. વ્રજલીલા, રાસલીલા અને પ્રતિબિંબ લીલા ના ગુહ્ય ભેદ.
૪. બ્રહ્માનંદ અને ભજનાનંદ સ્વરૂપ માં અંતર.
૫. આપનું નિજઘર અને ધણીજી (પૂર્ણબ્રહ્મ પરમાત્મા) સાથેના આપણા મૂળ સંબંધ ની ઓળખાણ.

શ્રી કૃષ્ણ ત્રિધા લીલા ને સમજતા એક વાત નો દ્રઢ વિશ્વાસ થઇ ગયો કે ધણીજી દરેક પલ આપણી બ્રહ્માત્માઓ ની સાથે જ હોય છે. જેમકે પહેલા વ્રજલીલામાં, પછી રાસલીલામાં અને હવે અત્યારે જાગણી બ્રહ્માંડ માં ધણીજી સૂક્ષ્મરૂપ થી તમામ બ્રહ્માત્માઓ ના હ્રદય માં વિરાજમાન છે. શ્રી મુખવાણી ના જ્ઞાન (ઇલ્મ) થી આપણા પ્રાણવલ્લભ અક્ષરાતીત ની ઓળખાણ (પહેચાન) થઈ જાય છે તે ધણી ના પ્રેમ માં પોતાની જાતને સમર્પિત કરી દે છે. આવી રીતે કોઇ પણ સુંદરસાથ આપના પ્રાણવલ્લભ અક્ષરાતીત ઉપર સમર્પણ ભાવ (દ્રષ્ટિ) થી સમર્પિત (કુરબાન) થઈ જાય તેને બહુજ વધારે આત્મિક આનંદ મળે છે અને તેની સુરતા (આત્મિક દૃષ્ટિ) અહિયાં બેઠાં બેઠાં ચિતવન દ્વારા પરમધામ ના પચ્ચીસ પક્ષો નો આનંદ લઇ શકે છે.

# સપ્રેમ પ્રણામજી

આશા છે કે આ ગ્રંથ સુંદરસાથ માટે રૂચિકર રહેશે. સુંદરસાથ આ ગ્રંથ લખવાનો મારો પ્રથમ પ્રયત્ન છે એટલા માટે જાણ-અજાણ માં થયેલ ત્રુટીયો માટે ક્ષમા કરશો તથા અમને સુચિત કરવાની તકલીફ લેશો.



સંક્ષિપ્ત પરિચય વાંચવા માટે અને સમય ફાળવવા માટે **ધન્યવાદ !**

**આપની ચરણ રજ**

**ઈશા અસ્થાના**

# શરૂઆત માં જાણવા જેવી બાબતો

## યોગ માયા
(શ્રી અક્ષરબ્રહ્મજી ના ચતુષ્પાદ)

સત્સ્વરૂપ બ્રહ્મ = અહંકાર

કેવલ બ્રહ્મ = બુદ્ધિ

સબલિક બ્રહ્મ = ચિત્ત

મહાકારણ

કારણ

સૂક્ષ્મ

સબલિક બ્રહ્મનું સ્થૂળ = અવ્યાકૃત બ્રહ્મનું મહાકારણ

અવ્યાકૃત બ્રહ્મ = મન

કારણ

સૂક્ષ્મ

સ્થૂળ

સતસ્વરૂપ બ્રહ્મ = અહંકાર

નિર્મલ ચૈતન્ય – પ્રથમ બહિસ્ત ( આખરી )
બ્રહ્મસૃષ્ટિઓના જીવોનું મુક્તિ સ્થાન

મહાકારણ – બીજી બહિસ્ત ( આખરી )
અક્ષરબ્રહ્મની સુરતાઓ અને તેમના જીવોનું મુક્તિ સ્થાન

કેવલ બ્રહ્મ = બુદ્ધિ



કેવલ બ્રહ્મ (રાસ રમવામાં આવી)

સબલિક બ્રહ્મ = ચિત્ત
નિર્મલ ચૈતન્ય – ત્રીજી બહિસ્ત મહંમદી (અવ્વલ)

| | | |
|---|---|---|
| અખંડ રાસ | મહાકારણ | ચોથી બહિસ્ત (અવ્વલ) |
| અખંડ વ્રજ | કારણ | પાંચમી બહિસ્ત (અવ્વલ) |
| સૂક્ષ્મ | ચિદાનંદ લહેરી | |

અવ્યાકૃત બ્રહ્મ = મન
અવ્યાકૃત બ્રહ્મનું તુરિયાતીત

સબલિક બ્રહ્મનું સ્થૂળ = અવ્યાકૃત બ્રહ્મનું મહાકારણ

કારણ

સૂક્ષ્મ

સ્થૂળ

## યોગ માયા

# શરૂઆત માં જાણવા જેવી બાબતો

મહાકારણ

રાસલીલાનું પ્રતિબિંબ તુરિયાતીત

શુધ્ધ મહાકારણ

વ્રજલીલાનું પ્રતિબિંબ શુધ્ધ કારણ વેદઋચા સખીઓ નું મુક્તિ સ્થાન

શુધ્ધ સૂક્ષ્મ છઠ્ઠી બહિસ્ત-મલકૂતી ( અવ્વલ )

સુમંગલા શક્તિ શુધ્ધ સ્થૂળ અક્ષરબ્રહ્મની પંચવાસનાઓનું સ્થાન
(વિષ્ણુજી, શિવજી, સનકાદિકજી, શુકદેવજી, કબીરજી)

કારણ

સાત શૂન્ય સાતમી બહિસ્ત-મહર્ષિઓની (આખરી)

સૂક્ષ્મ

કાલ નિરંજન

સ્થૂળ

નિર્મલ ચૈતન્ય

જ્ઞાન શક્તિ ગાયત્રી પ્રણવ બ્રહ્મ

ચારેય વેદોનું સ્થાન રોધિની શક્તિ

પ્રણવના નિર્મલ ચૈતન્યમાં આઠમી બહિસ્ત ( આખરી )
(સંસારના જીવોનું મુક્તિ સ્થાન )

## અવ્યાકૃત બ્રહ્મ

## અનુક્રમણિકા


અદયાય ૧ ૧૦

**ખેલ માં આવવાનું કારણ અને મહાકારણ**

અદયાય ૨ ૧૫

**વ્રજલીલા.**

અદયાય ૩ ૧૯

**સખીઓ નું કાલમાયા થી યોગમાયા માં પ્રસ્થાન**

અદયાય ૪ ૨૪

**રાસ નું વર્ણન**

અદયાય ૫ ૨૯

**શ્રી રાજજી ની અંતદર્યાન ની લીલા**

અદયાય ૬ ૩૪

**અંતદર્યાન પછી ની લીલા**

અદયાય ૭ ૪૧

**અખંડ વ્રજલીલા અને રાસલીલા નું રહસ્ય**

અદયાય ૮ ૪૬

**પ્રતિંબિબ લીલા ના ગુહ્ય ભેદ**

અદયાય ૯ ૫૨

**શ્રી કૃષ્ણ ત્રિધા લીલા ના ત્રણ ભાગ**

## અધ્યાય ૧

# ખેલ માં આવવાનું કારણ અને મહાકારણ



# અધ્યાય ૧: ખેલ માં આવવાનું કારણ અને મહાકરણ

**શ્રી કૃષ્ણ ત્રિધા લીલા** નો અર્થ એ છે કે શ્રી કૃષ્ણજી ના તન થી થવા વાળી અલગ અલગ પ્રકારની ત્રણ લીલાઓ અને તે દરમ્યાન એમના તન માં કઈ કઈ શક્તિઓ એ કાર્ય કર્યું. શ્રી રાજજી એ એમના દિલ માં એટલો બધો લાડ ભરી દીધો કે તે પોતાની આત્માઓ ને તેમના હ્રદય નો એ ભાગ (ખૂણો) દેખાડવા ઇચ્છિત (ચાહતા) હતા, જે અત્યાર સુધી સ્પર્શ વગર (અનછૂઆ) રહી ગયેલ હતો. જ્યારે રાજજી એ 'મહેર નો દરિયો' દિલ માં લીધો ત્યારે રૂહો ના દિલ માં આ ખેલ જોવાનો વિચાર ઉપજ્યો.

પરમધામમાં શ્રી રાજજી તેમની આનંદ અંગ શ્રી શ્યામાજી, સખીઓ અને સત્ અંગ શ્રી અક્ષરબ્રહ્મજી ની સાથે રહે છે. શ્રી રાજજી ની આનંદ સ્વરૂપા શ્રી શ્યામાજી અને સખીઓ ને તેમના સત્ અંગ અક્ષરબ્રહ્મજી વિષે ખબર ન હતી અને અક્ષરબ્રહ્મજી ને શ્યામાજી અને સખીઓ વિષે ખબર ન હતી. આ ખેલ બનાવવાનું મહાકારણ અને કારણ નીચે મુજબ છે.

**મહાકારણ :-**

મહાકારણ નો અર્થ એ છે કે કારણની પાછળ છૂપાયેલું કારણ. આ ખેલ માં આવવાનું મહાકારણ શ્રી રાજજી દ્વારા પોતાના હ્રદય ની આનંદ સ્વરૂપા શ્રી શ્યામાજી અને તેમની અંગ સ્વરૂપા સખીઓ ને આ ખેલ માં લાવીને પોતાના અર્શની સાહેબી અને વાહેદત (એકદિલી) ના પ્રેમ (ઇશ્ક) ની ઓળખાણ (પહેચાન) કરાવવાની હતી.

**પ્રથમ કારણ :-**

શ્રી રાજજી દ્વારા શ્રી શ્યામાજી અને સખીઓ ના મનમાં શ્રી અક્ષરબ્રહ્મજી દ્વારા બનાવેલ માયાના ખેલ ને જોવાની ઇચ્છા પેદા કરવી અને તેના પછી શ્રી શ્યામાજી અને સખીઓ ને આ ખેલ જોવાની ઇચ્છા કરવી.

**બીજું કારણ :-**

શ્રી રાજજી ના સત્ અંગ શ્રી અક્ષરબ્રહ્મજી ને પોતાના હ્રદય (દિલ) ના એ આનંદ ની ઓળખાણ (પહેચાન) કરાવવાની હતી કે પરમધામ માં શ્રી અક્ષરાતીત પોતાની આનંદ અંગ શ્રી શ્યામાજી અને સખીઓ ની સાથે કેવી લીલા કરે છે.

પરમધામમાં રહીને પણ આ વાહેદત ના ઇશ્ક ની ઓળખાણ કરાવવી શક્ય ન હતી કારણકે શ્રી શ્યામાજી અને સખીઓ આ ઇશ્ક ના આનંદ માં ડૂબી જતાં પણ ઓળખાણ (પહેચાન) કરી શકતાં ન હતાં. એટલા માટે આપણા પિયાજી આપણને આ કાલમાયા ના બ્રહ્માંડ માં લઈને આવ્યા જયાં આપણા અર્શ જેવો પ્રેમ છે જ નહીં.

**એક પાતસાહી અર્સ કી, ઔર વાહેદત કા ઇશ્ક |**
**સો દેખલાવને રૂહોં કો, પેહેલે દિલ મેં લિયા હક ||**
**શ્રી ખિલવત પ્ર.૬ ચો. ૪૩**

## આ ખેલ જોવાનો ખ્યાલ પહેલા કોના દિલ માં આવ્યો – શ્રી અક્ષરબ્રહ્મજી કે પછી શ્રી શ્યામાજી અને સખીઓ ના?

પરમધામમાં તો ફક્ત એક જ હ્રદય કાર્ય કરે છે, જે છે – 'અક્ષરાતીત નું હ્રદય'. શ્રી રાજજી એ જેવી એમના દિલ માં ખેલ દેખાડવાની ઇચ્છા કરી, કે તરતજ શ્રી અક્ષરબ્રહ્મજી ના હ્રદય માં પણ આ વાત આવી ગઈ અને વાહેદત ના સંબંધ થી શ્રી શ્યામાજી અને સખીઓ ના હ્રદય માં પણ આ વાત આવી ગઈ.

**જો પેહેલે લઇ હકેં દિલ મેં, પીછે આઈ માહેં નૂર।**
**તિન પીછે હાદી રુહન મેં, એ જો હુઆ જહૂર ||**
**શ્રી ખિલવત પ્ર.૬ ચો. ૪૪**

## શ્રી શ્યામાજી અને સખીઓ ના મનમાં ખેલ જોવાની ઈચ્છા કેવી રીતે ઉત્પન્ન થઈ?

જ્યારે શ્રી રાજજી, શ્રી શ્યામાજી અને સખીઓ ની સાથે ત્રીજી ભોમ માં હોય છે એ સમયે રોજ અક્ષરબ્રહ્મજી શ્રી રાજજી ના દર્શન કરવા ચાંદની ચોક માં આવે છે. જે દિવસે પિયાજી એ મહેર નો ખેલ દેખાડવાનો વિચાર દિલ માં લીધો ત્યારે રૂહો ના દિલ માં આવ્યું કે આ (શ્રી અક્ષરબ્રહ્મ જી) કોણ છે? ત્યારે શ્રી રાજજી ને પૂછ્યું એટલે એમણે સખીઓ ને બતાવ્યું કે એ ખેલ બનાવે છે જેમાં દુઃખ જ દુઃખ હોય છે. આ દુઃખ શબ્દ તો સખીઓએ પરમધામ માં ક્યારેય સાંભર્યો જ નહતો. આવી રીતે રાજજી ના દિલ માં લેવાથી શ્રી શ્યામાજી અને સખીઓ ના મનમાં ખેલ જોવાની ઈચ્છા ઉત્પન્ન થઇ.

શ્રી રાજજી એ આપણને ખેલ જોવા માટે વારંવાર મનાઈ કરી પરંતુ આપણે સખીઓએ ત્રણ વાર આ માયાના ખેલને જોવાની ઈચ્છા જાહેર કરી. આપણે ત્રણ વખત એટલા માટે માગ્યું કારણ કે શ્રી  રાજજી આપણને ત્રણ લીલા દેખાડવા માંગતા હતા.

**૧. વ્રજ લીલા**
**૨. રાસ લીલા**
**3. જાગણી લીલા**

શ્રી રાજજી એ મનાઈ કરી હતી, તેમ છતાં સખીઓ માની નહીં ત્યારે શ્રી રાજજી એ સખીઓ ને મૂલમિલાવા માં બેસાડી પોતાની નજર માં લઇ કાલમાયા ના બ્રહ્માંડ (વ્રજ) માં મોકલી.


## ત્રણ પ્રકારના બ્રહ્માંડ:

**૧. કાલમાયા:-**
કાલમાયા ના બ્રહ્માંડ માં ઉત્પન્ન થતી દરેક વસ્તુ નો નાશ નિશ્ચિત છે. અહીંયા દ્વૈત (જીવ અને માયા) ની લીલા થાય છે.

**૨. યોગમાયા:-**
યોગમાયામાં જે પણ વસ્તુ ની ઉત્પતિ થઇ જાય છે તે અનંત સમય માટે અખંડ થઇ જાય છે. અહીંયા અદ્વૈત ની લીલા થાય છે એટલે કે બ્રહ્મ પોતાની અભિન્ન સ્વરૂપા ચૈતન્ય માયા સાથે લીલા કરે છે.

**3. પરમધામ:-**
પરમધામમાં ના કોઇ વસ્તુ ઉત્પન્ન થાય છે અને ના કોઇ નષ્ટ થાય છે. અહીંયા પારબ્રહ્મ જ બધા સ્વરૂપોમાં લીલા કરે છે. એટલા માટે પરમધામ ને સ્વલીલા અદ્વૈત કહેવામાં આવે છે.

## ત્રણ પ્રકારના બ્રહ્માંડ :




**અબ જાગ દેખો સુખ જાગની, એ સુખ સોહાગિન જોગ ।**
**તીન લીલા ચૌથી ઘર કી, ઇન ચારોં કો યામેં ભોગ ।।**
**શ્રી કલશ હિંદુસ્તાની પ્ર.૨૩ ચો. ૧**

## અધ્યાય :૨

# વ્રજલીલા

# અધ્યાય ૨: વ્રજલીલા

સૌ પ્રથમ પરમધામ થી ખેલ જોવા માટે આપણે બધા કાલમાયા ના વ્રજમંડલ માં આવ્યા. વ્રજ મંડલ માં ૧૧ વર્ષ ૫૨(બાવન) દિવસ ની લીલા થઈ. ૧૧ વર્ષ સુધી પ્રેમ ની લીલા અને ૫૨ (બાવન) દિવસ સુધી વિયોગ ની લીલા થઈ. આ લીલા માં આપણે સૌ સખીઓ શ્રી કૃષ્ણજી ના મનમોહક રૂપ ને ખુબ જ પ્રેમ કરીએ છીએ અને આપણે માયા ના બધા કામ પૂરા કરી શ્રી કૃષ્ણજી ની વાંસળી ની મધુર અવાજ (ધૂન) સાંભળી ને તેમની પાછળ દોડી આવીએ છીએ. આ લીલા માં પ્રેમભર્યો આનંદ ચોક્કસ છે પરંતુ બધા ની અવસ્થા નિંદ્રા સમાન હતી. ફક્ત અમારા ધણી જાગૃત અવસ્થા માં હતાં. વ્રજલીલા પૂર્ણતયા નીંદ અવસ્થા માં રમાઈ હતી એટલે કે શ્રી રાજજી સાથે આપણા સંબંધ ની ઓળખાણ (પહેચાન) ન હતી અને ના તો ધામ ની પણ કોઇ સુધ હતી.

વ્રજ મંડલ માં શ્રી રાજજી, શ્રી શ્યામાજી, બ્રહ્મસૃષ્ટિઓ, કુમારીકા સખીઓ અને અક્ષરબ્રહ્મજી દ્વારા ધારણ કરેલ તન અને જીવ નીચે પ્રમાણે છે.

**૧.શ્રી રાજજી:-**
તન નું નામ:- શ્રી કૃષ્ણજી
જીવ:- શ્રી વિષ્ણુ જી
આતમ:- શ્રી અક્ષરબ્રહ્મ જી
આવેશ:- શ્રી રાજજી
જોશ:- શ્રી રાજજી (શ્રી રાજજી નો જોશ = આવેશ શ્રી અક્ષરબ્રહ્મજી)

**૨.શ્રી શ્યામાજી:-**
તન નું નામ:- શ્રી રાધિકાજી
જીવ:- માયા નો ઉચ્ચ કોટિનો જીવ
આતમ:- શ્રી શ્યામાજી

**૩.બ્રહ્મસૃષ્ટિઓ:-**
તન:- કાલમાયા નું
જીવ:- ઉચ્ચ કોટિનો જીવ
આતમ:- ૧૨૦૦૦ બ્રહ્મસૃષ્ટિઓ ની આતમ

**૪.કુમારીકા સખીઓ:-**
તન:- કાલમાયા નું
જીવ:- ઉચ્ચ કોટિનો જીવ
સુરતા:- ૨૪૦૦૦ ઈશ્વરીસૃષ્ટિઓ ની સુરતા યોગમાયા થી
(શ્રી અક્ષરબ્રહ્મજી દ્વારા આ ખેલ ને જોવા માટે ખાસ રીતે યોગમાયામાં થી ધારણ કરેલ સુરતાઓ ને ઈશ્વરીસૃષ્ટિ કહે છે. તેમની પાસે યોગમાયા માં કોઇ અલગ તન નથી. આમને અક્ષરબ્રહ્મજી એ સુરતા રૂપમાં જ ધારણ કરેલ છે.)

આવી રીતે ૧૧ વર્ષ સુધી ગોપીયો અને શ્રી કૃષ્ણજી ની વચ્ચે પ્રેમમયી લીલા ચાલતી રહી અને કુમારીકા સખીઓ આ લીલા ને જોઈને આનંદ લેતી રહી પરંતુ તેમના મનમાં ઈચ્છા હતી કે શ્રી કૃષ્ણજી અમારી સાથે પણ આવી લીલા કરે એટલા માટે કુમારીકા સખીઓ વ્રત રાખે છે જેથી આવી  લીલા રમવાનો આનંદ પ્રાપ્ત થઇ શકે. શ્રી કૃષ્ણજી કુમારીકા સખીઓ ને વચન આપે છે કે તમે પણ આ લીલા અવશ્ય રમશો પરંતુ અત્યારે નહીં. ૧૧ વર્ષ પછી ગોપિયો પોતાના ઘર, પતિ અને બાળકો માં વ્યસ્ત થઇ જાય છે. ગોપીયો શ્રી કૃષ્ણજી ને પરપુરુષ અને સ્વયંને (પોતાને) કુલવંતી સ્ત્રી (નાર) બોલતા બોલતા કહે છે કે તમારી વાંસળી નો અવાજ સાંભળી અમે અમારી જાત ને રોકી શકતા નથી અને તમારી પાછળ દોડી આવીએ છીએ એટલે શ્રી કૃષ્ણજી ને વાંસળી વગાડવાની ના પાડે છે. હવે શ્રી કૃષ્ણજી બાવન (૫૨) દિવસ સુધી ન તો વાંસળી વગાડે છે અને ના તો સખીઓ એમને  મળવા આવે છે.

## બાવન (૫૨) દિવસ ના વિયોગ ની આવશ્યકતા:-

૧. આ વિયોગ એટલા માટે જરૂર હતો કારણકે શ્રી અક્ષરબ્રહ્મજી અને શ્રી શ્યામાજી સહીત સૌ સખીઓ ખેલમાં મગ્ન (તલ્લીન) થઈ ગયા હતા. આ બંને ને સ્વપ્ન ની બુદ્ધિવાળા બ્રહ્માંડ માં હોવાથી મૂળ વચનો ની સ્મૃતિ રહી ન હતી.

**તબ ધામ ધણીએ કિયો વિચાર, એ દોઉ મગન હુએ ખેલેં નર નાર।**
**મૂલ વચન કી નાહીં સુધ, એ દોઉ ખેલેં સુપને કી બુધ ।।**
**શ્રી પ્રકાશ હિન્દુસ્તાની પ્ર.૩૭ ચો.૩૩**

૨. આનું બીજું કારણ એ પણ હતું કે, શ્રી રાજજી આપણને રાસ માં અધિક આનંદ આપવા માંગતા હતા અને વિયોગ વગર પ્રેમ ની લીલા નો આનંદ આવી શકતો નથી.

**બાવન (પર) દિવસ ના વિયોગ પછી:-**

બાવન (પર) દિવસ પછી શ્રી કૃષ્ણજી વૃંદાવન માં (કાલમાયા ના) એ જગ્યા એ પહોંચી ગયા જ્યાંથી એ હંમેશા સાંજના (સાયંકાલ) સમયે વાંસળી વગાડતા હતા પરંતુ આજે શ્રી કૃષ્ણજીએ અહિયાં વાંસળી વગાડી નહીં. તેમણે બલભદ્રજી, કલ્યાણજી તથા અન્ય ગ્વાલબાલો ને ગાયો સાથે ગોકુળ મોકલી દીધા અને પોતે યોગમાયા ના બ્રહ્માંડ માં જતા રહ્યા જયાં તેમણે યોગમાયા ની શક્તિ થી નિત્ય વૃંદાવન ની રચના કરવાઈ.

**એક દિન ગૌ ચારને, પીઉ પોહોંચે વૃન્દાવન ।**
**ગોવાલ ગૌ સબ લે વલે, પીછે જોગ માયા ઉતપન ।।**
**શ્રી કલશ હિંદુસ્તાની પ્ર.૧૯ ચો.૬૨**

श्री प्राणनाथ जी वाणी
|| प्रेम खोल देवे सब द्वार ||

## અધ્યાય ૩

# સખીઓ નું કાલમાયા થી યોગમાયા માં પ્રસ્થાન



# અધ્યાય 3: સખીઓ નું કાલમાયા થી યોગમાયા માં પ્રસ્થાન

યોગમાયા આપણા ધણીજી ના સત્ અંગ શ્રી અક્ષરબ્રહ્મજી ના અંત:કરણ ની અર્ધાંગિની છે. શ્રી અક્ષરબ્રહ્મજી ના અંત:કરણ ના ચાર ભાગ છે અને આ ચારેય ભાગો માં અલગ-અલગ માયા કાર્ય કરે છે. શ્રી અક્ષરબ્રહ્મજી ના અંત:કરણ ના ચાર ભાગ અને તેની અંદર કાર્ય કરવાવાળી માયા નીચે મુજબ છે.

**૧. સત્સ્વરૂપ બ્રહ્મ (અહંકાર નું સ્વરૂપ):- મૂલ માયા**
**૨. કેવલ બ્રહ્મ (બુદ્ધિ નું સ્વરૂપ):- આનંદ માયા**
**3. સબલિક બ્રહ્મ (ચિત્ત નું સ્વરૂપ):- ચિદ્રૂપ માયા**
**૪. અવ્યાકૃત બ્રહ્મ (મન નું સ્વરુપ) : સદ્રૂપ માયા**

## સખીઓ કાલમાયા (વ્રજમંડલ) ના બ્રહ્માંડ ને છોડી યોગમાયા ના બ્રહ્માંડ માં જાય છે:-

આપણાં ધણીજી એ યોગમાયા ના કેવલબ્રહ્મ માં જઈને સુંદર કિશોર સ્વરૂપ (શ્રી બાંકેબિહારીજી) ધારણ કર્યું અને અતિ મનમોહક વાંસળી વગાડી. આ વાંસળી ની મીઠી અવાજ જેવી સખીઓ એ સાંભળી કે તરતજ પોતાના તન નો ત્યાગ કરી દીધો અને ધણીજી પાસે યોગમાયા માં પહોંચી ગઈ. સખીઓ જે ક્રમ માં પોતાના તન નો ત્યાગ કરી યોગમાયા માં પહોંચી તે નીચે પ્રમાણે છે.

**૧.તામસી સખીઓ:-** તામસી સખીઓ નો મતલબ ક્રોધવાળી સખીઓ થી નથી પરંતુ તરત જ નિર્ણય લઇ લે તેવી મજબૂત મનોબળવાળી સખીઓ છે. જ્યારે શ્રી કૃષ્ણજી ની વાંસળી નો મધુર અવાજ સાંભર્યો તેજ ક્ષણે તામસી સખીઓએ તેમનો પ્રાણ છોડી દીધો અને ધણીજીની પાસે યોગમાયા માં પહોંચી ગઈ.

**૨.રાજસી સખીઓ:-** આ સખીઓ એવી છે કે જે ધણી ને મળતાં પહેલા થોડો સિનગાર કરવાની ઈચ્છા કરે છે. હવે જેવો વાંસળી નો અવાજ સાંભર્યો કે તરત જ ધણીજી ને મળવાં માટે એટલી વ્યાકુળ થઈ ગઈ કે તેઓને પોતાનું પણ કોઈ ભાન(સુધ) રહ્યું નહીં અને તેઓએ બધો જ સિનગાર ઊલટો - સીધો (હાથ ના આભૂષણ પગમાં અને ગળા ના હાથમાં ....) કરી લીધો અને તેઓ પણ પોતાના તન છોડી ને યોગમાયા માં પિયાજી પાસે પહોંચી ગઈ.

**૩.સ્વાંતસી સખીઓ:-** આ સખીઓ ને કાલમાયા ના સંબંધ, નાત-જાત, માન મર્યાદા ની બહુજ ચિંતા હોય છે. જ્યારે આ સખીઓ એ વાંસળી નો અવાજ સાંભર્યો ત્યારે તે થોડો વિચાર કરવા લાગી કે જો મારા પતિ અને ઘરવાળાઓને ખબર પડી જશે તો એ બધા શું કહેશે. એટલા માં તેમના પતિ અને ઘરવાળાઓ સુધી આ વાત પહોંચી ગઈ કે વ્રજ માં સખીઓ પોતાના તનો નો ત્યાગ કરી રહી છે અને હવે તેમને પણ ચિંતા થઈ કે કદાચ અમારી પત્નીઓ પણ તનો નો ત્યાગ કરી દેશે એટલે તે તેમને ઘર માં બંધ કરી દે છે અને અંત માં વિરહ માં તડપી તડપી ને એ સખીઓએ પણ પોતાના તનોનો ત્યાગ કરી દીધો અને યોગમાયા માં ધણીજી પાસે પહોંચી ગઈ.

વાંસળીનો મનમોહક અવાજ સાંભળતાની સાથે જ ૨૪૦૦૦ **કુમારિકા સખીઓ** પણ પોતાના દેહનો ત્યાગ કરીને આ સંસાર છોડીને નિત્ય વૃંદાવનમાં પહોંચી ગઈ.

(સખીઓ ના યોગમાયા માં પહોંચ્યા પછી કાલમાયા ના આ બ્રહ્માંડ નો લય કરી દીધો) યોગમાયા માં ધારણ કરેલા નવા નૂરી અને કિશોર તન તથા તેમાં વિરાજિત શક્તિઓ નીચે પ્રમાણે છે.

**શ્રી રાજજી:-**
નૂરી તન નું નામ:- શ્રી કૃષ્ણજી (બાંકે બિહારીજી/રાસ બિહારીજી)
જીવ:- X (કોઇ જીવ નથી)
આતમ:- શ્રી અક્ષરબ્રહ્મજી
આવેશ:- શ્રી રાજજી નો આવેશ + જોશ (શ્રી અક્ષરબ્રહ્મજી નો આવેશ)

**શ્રી શ્યામાજી:-**
નૂરી તન નું નામ:- શ્રી રાધિકાજી
જીવ:- કાલમાયા (વ્રજમંડલ) નો એ જ જીવ જે રાધિકાજી ના તન માં હતો.
આતમ:- શ્રી શ્યામાજી

**સખીઓ:-**
તન:- ૧૨૦૦૦ નૂરી તન
જીવ:- ૧૨૦૦૦ જીવ (કાલમાયા (વ્રજમંડલ) ના એ જ જીવ જે સખીઓ ના તનમાં હતાં)
સુરતા:- ૩૬૦૦૦ સુરતાઓ (દરેક બ્રહ્મસૃષ્ટિ ના નૂરી તન માં એક(૧) બ્રહ્મસૃષ્ટિ ની સુરતા + બે(૨) ઈશ્વરીસૃષ્ટિ ની સુરતા)

જોકે વ્રજલીલા માં શ્રી કૃષ્ણજી ના જે તન માં બેસીને શ્રી રાજજી ના આવેશે લીલા કરી એમાં શ્રી વિષ્ણુ ભગવાન નો જીવ અવશ્ય હતો પરંતુ રાસ માં જે શ્રી કૃષ્ણજી (બાંકે બિહારીજી) ના તન માં વિરાજમાન થઈ તેમને જે લીલા કરી એ સ્વયં ચૈતન્ય નૂરી તન છે અને તેને જીવિત રહેવા માટે કોઈપણ જીવ ની જરૂરિયાત રહેતી નથી.
રાસલીલા ના સમયે **પિયાજી** એ જે નૂરી તન ધારણ કરેલું હતું તેમાં શ્રી **અક્ષરબ્રહ્મજી** ની **આતમ**, શ્રી **ધણીજી** નો આવેશ અને **જોશ** વિરાજમાન હતાં. એ સમયે સખીઓ ના એક એક નૂરી તન માં **બ્રહ્મસૃષ્ટિઓ** ની એક એક **સુરતા** પોતાના જીવ (વ્રજમંડલ વાળા) ની સાથે હતી અને બે બે **ઈશ્વરીયસૃષ્ટિ** ની સુરતા આ જ તન માં વિરાજમાન થઈ રાસલીલા જોઈ રહી હતી.


**યોગમાયા માં પહોંચ્યા પછી ધણીજી દ્વારા સખીઓને કેહેવાયેલા ઉથલા વચન અને એ વચનો સાંભળીને પછી સખીઓની અવસ્થા:-**
જયારે બધી સખીઓ કાલમાયા છોડીને યોગમાયા માં પહોંચી તો બધી જ સખીઓ ને આપોઆપ નૂરી તન પ્રદાન થઇ ગયા અને તે સખીઓ એ પિયાજી નું નૂરી અને કિશોર તન જોઈને તેમાં મગ્ન થઈ ગઈ. સખીઓ પોતાના પર(બાવન) દિવસ ના વિયોગ ને પણ ભૂલી ગઈ. હવે શ્રી રાજજી સખીઓ ને કહે છે કે, “હે સખીઓ ! જે પતિવ્રતા સ્ત્રી હોય છે તે કોઈપણ સ્થિતિ માં રાત્રિ ના સમયે પોતાના ઘર ની બહાર નથી નીકળતી. વ્રજ માં બધું કુશળ મંગલ તો છે ને? આ સમયે અહિયાં આવવાની શું આવશ્યકતા પડી ગઈ? તમારા સગા સંબંધી આ બાબતે સાંભળશે તો તમારી નિંદા કરશે એટલા માટે તમે પરત પોત પોતાના નિવાસ સ્થાન પર જતા રહો.”

ધણીજી ના મુખ થી આ પ્રકાર ના વચન સાંભળી ને સ્વાંતસી સખીઓ તત્ક્ષણ જમીન ઉપર ફસડાઈ પડી, રાજસી સખીઓ તડપવા લાગી અને તામસી સખીઓ પોતાના મનને દ્રઢ કરી ઉભી રહી. શ્રી ઈંદ્રાવતીજી બધી સખીઓ ને કહે છે કે, અવશ્ય આપણાથી ધણીજી પ્રત્યેની પ્રેમ સેવામાં કોઈ ખામી રહી ગઈ છે તો આવા સમયે ધણીજી આપણા થી નારાજ કેમ ના થાય? હવે શ્રી ઈંદ્રાવતીજી શ્રી રાજજી ને કહે છે કે, “તમારે જે પણ કંઈ કહેવું હોય તે તમે નિસંકોચ અમને કહો.”

શ્રી રાજજી સખીઓ ને બહુજ વ્યંગાત્મક ભાવ થી કહે છે કે - “વેદશાસ્ત્રો માં પણ લખેલું છે કે પતિ ઝગડાળું હોય, આંધળો હોય, રોગી હોય, મૂર્ખ હોય, ભાગ્યહીન હોય, અજ્ઞાની હોય, લૂલો-લંગડો પાંગળો હોય તો પણ કુલીન નારી નું કર્તવ્ય છે કે તે તેમનો પરિત્યાગ ના કરે. એટલા માટે સખીઓ તમે તમારા પતિ ની પાસે જતાં રહો.”

ત્યાર પછી સખીઓ શ્રી રાજજી ને કહે છે કે – "આપશ્રી ના અનુસાર પતિ માં અનંત અવગુણ હોય તો પણ તેનો પરિત્યાગ નહીં કરવો જોઈએ તો હવે તમેજ બતાવો કે તમારા જેવા સર્વગુણ સંપન્ન પતિ ને અમે કેવી રીતે છોડી શકીએ? હવે તમે અમોને અધિક કડવા વચન ના કહો. અમે નિશ્ચિત રૂપ થી ઓળખાણ (પહેચાન) કરી લીધી છે કે અમારી આતમ ના એકમાત્ર પ્રિયતમ ફક્ત તમે જ છો."

હવે ધણીજી કહે છે કે હું તો માત્ર તમારી પરીક્ષા લઇ રહ્યો હતો કે ક્યાંક માયા ની કોઇપણ ઈચ્છા તમારી અંદર બાકી રહી ગઈ તો નથી ને? આ પછી ધણીજી પોતે મૂર્છિત પડેલી સખીઓ ને પ્રેમપૂર્વક ઉભી કરી ગળે લગાડે છે જેથી એમનાં બધાજ દુઃખ દૂર થઈ જાય છે. યોગમાયા માં આવી ને આપણને આપણા ધણીજીની પૂર્ણ ઓળખાણ (પહેચાન) થઈ ગઈ જે વ્રજ માં ન હતી. પોતાના ધણીની ઓળખાણ (પહેચાન) કર્યા વગર રાસ લીલા નો આનંદ લેવો સંભવ જ ન હતો. હવે ધણીજી આગળ આવી ને સખીઓ ને નૂરી નિત્ય વૃંદાવન ની શોભા બતાવે છે.



## અધ્યાય -૪

# રાસ નું વર્ણન



# અધ્યાય ૪: રાસ નું વર્ણન

## રાસ નું વર્ણન

### નિત્ય વૃંદાવન ની અતિ સુંદર શોભા:-

કેવલબ્રહ્મ ના નિત્યવૃંદાવન માં જે રાસ લીલા થઈ તેની સંપૂર્ણ સામગ્રી - સખીઓ ના નૂરી તન, વન, પશુ પંખી, જમુનાજી વગેરે નું નિર્માણ આનંદ યોગમાયા દ્વારા કરાયું હતું. અક્ષરાતીત ના આવેશ સ્વરૂપ ને બ્રહ્માત્માઓ સાથે જે નિત્ય વૃંદાવન માં રાસલીલા કરી તે નિત્ય વૃંદાવન પરમધામ થી અલગ છે તથા કાલમાયા ના આ બ્રહ્માંડ થી પણ અલગ છે.

**એહ સરૂપને એહ વૃંદાવન, એ જમુના ત્રટ સાર ।**
**ઘરથી તીત બ્રહ્માંડથી અલગો, તે તારતમે કીધો નિરધાર ।।**
**શ્રી રાસ પ્ર.૧૦ ચો.૩૬**

યોગમાયા ની ધરતી ના એક એક કણ માં એટલું બધું તેજ છે કે એની સામે આ સંસાર ના કરોડો સૂર્યો અને ચંદ્રમા નો પ્રકાશ પણ ફીકો પડી જાય છે. જે સમયે સખીઓએ વ્રજ માં પોતાના તન છોડ્યા હતા એ સમયે ત્યાં રાત્રી પડવાની હતી અથવા એવું કહેવાય કે ગોધૂલી નો સમય હતો. અને જ્યારે એ બધા એ યોગમાયા માં પ્રવેશ કર્યો ત્યારે ત્યાં શરદ પૂર્ણિમા ની રાત્રી હતી. શ્રી રાજજી સ્વયં આગળ આગળ જઈને સંપૂર્ણ વૃંદાવન ની અનુપમ શોભાનું વર્ણન કરે છે.

ધણીજી ત્યાંના અનેક પ્રકારના વૃક્ષ, લતાઓ જેવા કે **દ્રાક્ષ, અખરોટ, આંબો, તાડવન, આંબલી, આસોપાલવ, અંજીર, અનાનસ, ચારોળી, સીસમ, કેસર, વરિયાળી, સોપારી, ચંદન, ગુલમહોર** વગેરે બધાને બતાવે છે. એવી રીતે અનેક પ્રકારના ફૂલ જેવા કે **ચમેલી, કુમુદ, રજનીગંધા, ગુલાબ, કમળ, મોગરા, હજાર પાંખડી વાળું ગલગોટાનું ફૂલ(ગેંદા નું ફૂલ)** વગેરે ની લતાઓ એ સંપૂર્ણ વૃંદાવનનો અલગ જ  સિનગાર કર્યો છે. અનેક પ્રકારના સાગ, ફળ, અન્ન, કંદમૂળ દ્રષ્ટિગોચર થઈ રહ્યા છે.
આવી રીતે નિત્ય વૃંદાવને અનંત શોભા ધારણ કરેલ છે. અહીંયા આવેલ જમુનાજીનો તટ બહુ જ સુંદર છે. તેના કિનારા ઉપર બેસવા માટે ફૂલોના અતિ સુંદર મહેલ બનેલા છે. જમુનાજી ના બંને કિનારા ઉપર વૃક્ષોની ડાળીઓ જળ ની ઉપર આવી છે. આટલા બધા સુંદર વાતાવરણમાં બધી સખીઓએ ધણીની સાથે રાસ માં ભરપૂર આનંદ લીધો.

## રાસ માં શ્રી શ્યામાજી નો અનુપમ સિનગાર:-

**વસ્ત્રોની શોભા:-**
**ઘાઘરા / લહેંગા:-** નીલા રંગનો (જેમો ૧૧ રંગનું નાડું છે)
**સાડી:-** સિંદૂરિયા રંગની
**કંચૂકી/ચોલી:-** શ્યામ (આછા કાળા) રંગની
**ચરણો (પગ) ના આભૂષણ:-** અનવટ, વિછીંયા, ઝાંઝરી, ઘૂંઘરી, કાંબી, કડલાં
**ગળાના આભૂષણ:-** શ્રી શ્યામાજી ના ગળામાં સાત હારો (હીરા, પાંચ, મોતી, સોના, કંચન, ચીડ, કંઠસરી) ની શોભા આવી છે.
**હસ્ત કમલના આભૂષણ:-**
**આંગળીયોમાં:-** અતિ સુંદર ઝવેરાતથી જડિત અંગૂઠીઓ
**કલાઈમાં:-** પહોંચી, નવઘડી, નવચુંડ, કંકની.
**કાનમાં:-** ઝુમકા
**નાકમાં:-** બેસર, ખુંટી
**માથાની શોભા:-** ચોકોર ટીકો છે અને એક માથાપટ્ટી આવી છે, જેમાં છ (૬) ફૂલોની શોભા છે.
**શીશ કમલ:-** એક ગોળ આકૃતિની રાખડી, માંગમાં સિંદૂર, માંગ ની બંને તરફ મોતીયો ની સેરો અને બહુજ સુંદર ચોંટી ગૂંથી છે, તેમાં પાંચ ફૂમક આવેલ છે. શ્રી શ્યામાજી ના મુખમાં પાનનું બીડું છે.

## શ્રી સુંદરસાથજીનો સિનગાર:-

રાસમાં બ્રહ્માત્માઓની શોભા એક સાગર ના સમાન છે. એની શોભા એવી લાગે છે કે માનો કરોડો સૂર્ય નો એક સાથે ઉદય થઈ ગયો હોય.

## રાસ માં શ્રી રાજજી નો અનુપમ સિનગાર:-

**ચરણોના આભૂષણ:-** ઝાંઝરી, ઘૂંઘરી, કાંબી, કડલા
**વસ્ત્રોની શોભા:-**
**સુથની / ચૂડીદાર પાયજામા:-** કેસરિયા રંગનો (જેમાં ૯ રંગ નું નાડું આવેલ છે)
**પટોલી:-** પીળા રંગની (પટોલી સીવ્યા વગરનું એવું વસ્ત્ર છે જે પટુકા થી વધારે પહોળું હોય છે)

**ગળાના આભૂષણ:-** પાંચ હાર (૨ હીરાના હાર, ૧ સ્વર્ણનો, ૧ મોતીનો હાર, ૧ નંગોથી જડિત હાર)
**ખભા ઉપર:-** સિંદૂરિયા રંગની પીછોરી
**હસ્તકમલ ના આભૂષણ:-**
**આંગળીયોમાં:-** અતિ સુંદર અંગૂઠીઓ
**કલાઈમાં:-** કડલી, પહોંચી
**બાજુમાં:-** બાજુબંધ
**કાનમાં:-** કર્ણફૂલ, ખુંટી (કર્ણફૂલ ની ઉપર)
**નાકમાં:-** બેસર ની શોભા
**કમર:-** લાલ રંગની વાંસળી (વાંસળીના મુખ ઉપર નીલો રંગ, મધ્યમાં લાલ રંગ અને કિનાર ઉપર આસમાની રંગ)
**માથા ઉપર:-** તિલક (જેમાં નીલા, પીળા, લાલ રંગની રેખાઓ છે) મધ્યમાં લાલ રંગની બિંદી છે.
**શીશ કમલ ઉપર:-** મુકુટ
ધણીજીના બાલોની (વાળની) ચોટી અલગ પ્રકારથી ગૂંથી છે. ચોટીના કુંદન માં અનેક પ્રકારના ઝવેરાત જડેલા છે અને કુંદન ને ઘેરીને ઘૂંઘરી પણ આવેલી છે.

શ્રી ઇન્દ્રાવતીજી કહે છે કે રાસના આ વસ્ત્રો અને આભૂષણોનું વર્ણન અહીંના શબ્દો અનુસાર કરેલ છે પરંતુ યોગમાયાનો આ સિનગાર કંઈક અલગ વિશેષ તત્વનો છે. બેહદ મંડળ (યોગમાયા) શ્રી અક્ષરબ્રહ્મજીના હૃદયનું સ્વરૂપ છે એટલા માટે આ ત્રિગુણાતીત ચૈતન્ય, અખંડ અને પ્રકાશમયી છે. માનવીય બુદ્ધિને ગ્રહણ કરવા માટે આ નશ્વર જગતની ધાતુઓની ફક્ત ઉપમા આપેલી છે. બાકી તો ત્યાંના એક પત્તાંની શોભા નું પણ વર્ણન કરવું સંભવ નથી.


## રાસ માં ધણીજીની સાથે રામતો ની આનંદમયી લીલા:-

**રાસ નો અર્થ છે "રસ-આનંદની ક્રીડા."** અક્ષરાતીત નું હૃદય અનંત પ્રેમ, સૌંદર્ય, આનંદ અને શાંતિનો સાગર છે. જ્યારે આ અગાધ સાગર ઉમડવા લાગે છે ત્યારે તેને કહે છે રાસ થઈ. બાહ્યરૂપથી દેખવામાં રામતો ખેલની જેમ લાગે છે પરંતુ તેને સૂક્ષ્મ દ્રષ્ટિથી જોવામાં આવે તો ખબર પડે છે કે યુગલ સ્વરૂપ અને સખીઓની વચ્ચે પ્રેમનું આદાન પ્રદાન છે તે આ ક્રીડાઓ ના માધ્યમથી સંપાદિત થાય છે. એમાં હસવું, રમવું, દોડવું બધું જ સામેલ છે.

**શ્રી અક્ષરબ્રહ્મજી** ને આ લીલા જોવાની ઈચ્છા પરમધામમાં શ્રી રાજજી થી પ્રગટ થઈ હતી, જેને રાસ ના રૂપમાં શ્રી રાજજીએ તેમને કેવલબ્રહ્મ માં દેખાડી. રાસમાં કઈ પ્રકારની રામતો ખેલી (રમી) હતી:- **આંખ મિંચામણીની રામત, ફૂંદડીની રામત, ભૂલવણીની રામત, ગઢેની રામત, તાલી વગાડવાની રામત, હાથ પકડીને ઘુમવાની રામત, કોણીયાની રામત, આમની રામત, ઉડન ખટોલાની રામત, નૃત્યની રામત**.

આવી રીતે રાસમાં અનેક રામતો થઈ અને એ બધામાં જીતવાની શોભા ધણી પોતાની અંગનાઓને આપતા ગયા. આ રામતો દરમિયાન મેના, કોયલ પણ પોતાના મધુર અવાજમાં ગુંજે છે. કબુતર અને ચકોર પક્ષી અત્યંત સુંદર ક્રીડા કરે છે. મૃગ, વાંદરો અને મોર ચારેયબાજુ ઉછળ-કુદ કરીને ઘૂમે છે અને નાચે છે. આ રામતોમાં **ધણીજી** પોતાના **૧૨૦૦૦** રૂપ ધારણ કરીને એક એક સખી સાથે આનંદપૂર્વક લીલા કરે છે અને બધી સખીઓની ઈચ્છા પૂર્ણ કરે છે.

**કહે ઇંદ્રાવતી એ રામતડી, મારા વાલાજી થઈ અતિ સારી ।**
**સઘલી સંગે રમિયા રંગે, એક પિઉ એક નારી ।।**
**શ્રી રાસ પ્ર.૨૧ ચો.૮**



## અધ્યાય : ૫

# શ્રી રાજજીની અંતર્ધ્યાન લીલા

# અધ્યાય ૫: શ્રી રાજજી ની અંતર્ધ્યાન લીલા

વૃંદાવનમાં રાસ ની રામત કરતાં કરતાં બધી સખીઓ અલગ અલગ થઈ ગઈ. ફરીથી જ્યારે એક સ્થાન પર એકત્રિત થઈ તો તેમને પ્રાણ પ્રિયતમના દર્શન થયા નહીં એટલે કે ધણીજી અંતર્ધ્યાન થઈ ગયા.

## ધણીજી નું અંતર્ધ્યાન થવાનું કારણ:-

- રાસની રામતો પછી બધી સખીઓના મનમાં એવો ભાવ આવ્યો કે શ્રી રાજજી તો પૂર્ણ રીતે અમારા વશ માં આવી ગયા છે - એ તો અમારી ચોટી પણ ગૂંથે છે. જો અમારા આભૂષણ પણ જમીન પર પડી જાય તો ધણીજી તે પણ ઉઠાવીને અમને પહેરાવે છે. આવી રીતે સખીઓના મનમાં બહુ અભિમાન આવી ગયું.

- કેવલબ્રહ્મની ભૂમિ નવ રસોની ભૂમિ છે - શૃંગાર, વિયોગ, હાસ્ય, કરુણ, રૌદ્ર, વીર, ભયાનક અદભુત, શાંત એટલા માટે અહીં વિયોગ થવો જરૂરી હતો.

- શ્રી અક્ષરબ્રહ્મજી પણ ફરામોશીમાં હોવાને કારણે એ સમજવા લાગ્યા હતા કે આ લીલા કેવલબ્રહ્મના બદલે પરમધામમાં જ થઈ રહી છે. બધી સખીઓ પણ આ લીલામાં મગ્ન થઈ ગઈ હતી કારણ કે એ બધી અડધી નીંદ અને અડધી જાગ્રત અવસ્થામાં હતી (આ અવસ્થામાં તેમને પોતાના ધણીની ઓળખાણ (પહેચાન) હતી પરંતુ અસલ ઘરની સુધ ન હતી) એટલા માટે શ્રી અક્ષરબ્રહ્મજી અને સખીઓ બંનેને વાસ્તવિકતાનો બોધ કરાવવો પણ જરૂરી હતો.

**ફેર મૂલ સરૂપેં દેખ્યા તિત, એ દોઉ મગન હુએ ખેલત ।**
**જબ જોશ લિયો ખેંચ કર, તબ ચિત ચૌંક ભઈ અછર ।।**
**શ્રી પ્રકાશ હિન્દુસ્તાની પ્ર.૩૭ ચો.૪૧**

જ્યારે ધણીજી પોતાનો આવેશ અને જોશ શ્રી કૃષ્ણજીના તન માંથી ખેંચી લે છે ત્યારે શ્રી કૃષ્ણજી ના તનમાં ફક્ત અક્ષરબ્રહ્મજીની આતમ જ બાકી રહી જાય છે.

હવે શ્રી કૃષ્ણજીના તનમાં શ્રી રાજજી નો આવેશ ન હતો એટલા માટે શ્રી કૃષ્ણજીનું તન ત્યાં હોવા છતાં પણ સખીઓની દ્રષ્ટિથી ઓજલ(પડદો) થઈ જાય છે. હવે ધણીજી નો આવેશ અને જોશ યોગમાયામાં જ શ્રી રાધિકાજીના તનમાં પ્રવેશ કરી જાય છે

પરંતુ શ્રી શ્યામાજી અને સખીઓને તેનો અહેસાસ (બોધ) થતો નથી કે ધણીજી તેમને છોડીને ક્યાંય ગયા જ નથી અને તે ધણીજી ના અંતર્ધ્યાન થવાથી અત્યંત વિરહમાં ડૂબી જાય છે.

**અંતર્ધ્યાન ના સમયે શ્રીકૃષ્ણજી અને રાધિકાજી ના તનમાં શક્તિઓનો સમાવેશ:-**

**શ્રી કૃષ્ણજી:**
તન:- શ્રી કૃષ્ણજી / બાંકે બિહારીજી / રાસ બિહારીજી
જીવ:- x (કોઈ જીવ નહીં)
આતમ:- શ્રી અક્ષરબ્રહ્મજી ની (થોડી ક્ષણ માટે)
આવેશ:- x (કોઈ આવેશ નહીં)

**શ્રી રાધિકાજી:**
તન:- શ્રી રાધિકાજી નું
જીવ:- વ્રજમંડલની રાધિકાજી નો જીવ
આતમ:- શ્રી શ્યામાજી
આવેશ:- શ્રી રાજજી નો આવેશ + જોશ

**શ્રી અક્ષરબ્રહ્મ નું ફરામોશી થી જાગૃત અવસ્થામાં આવવું:-**

જ્યારે ધણીજી શ્રી કૃષ્ણજીના તન માંથી પોતાનો આવેશ ખેંચી લે છે એના પછી થોડી ક્ષણો માટે અક્ષરબ્રહ્મજીની આતમ શ્રી કૃષ્ણજીના તનમાં જ રહે છે અને અક્ષરબ્રહ્મ આશ્ચર્યચકિત થઈ જાય છે કે હું ક્યાં છું? મારી વેશભૂષા કેવી છે? આ કયું વન છે અને આ કોણ સખીઓ છે જે વિરહા કરી રહી છે.

આ રીતે ચૌંકી ને અક્ષરબ્રહ્મજીની આતમ પોતાના મૂલ તન પરમધામમાં જાગૃત થઈ જાય છે. હવે કેવલબ્રહ્મમાં ફક્ત શ્રી કૃષ્ણજી નું તન જ બાકી રહી જાય છે જેમાં કોઈ શક્તિ રહેતી નથી (ના તો શ્રી રાજજી નો આવેશ અને જોશ કે ના તો અક્ષરબ્રહ્મજીની આતમ).

**કૌન બન કૌન સખિયાં કૌન હમ, યોં ચૌંક કે ફિરી આતમ ।**
**રાસ આયા મિને જાગ્રત બુધ, ચુભ રહી હિરદે મેં સુધ ।।**
**શ્રી પ્રકાશ હિન્દુસ્તાની પ્ર.૩૭ ચો.૪૨**

જેવાં જ અક્ષરબ્રહ્મજી પોતાના મૂળ તનમાં જાગૃત થઈ જાય છે તો એમને બધું યાદ આવી જાય છે કે આ બ્રહ્મલીલા જોવા માટેની ઈચ્છા તો સ્વયં પોતે જ શ્રી રાજજી પાસેથી માંગી હતી અને આ બ્રહ્મલીલા શ્રી રાજજી એ તેમને વ્રજમંડળ માં વ્રજલીલા અને યોગમાયામાં રાસલીલા ના રૂપમાં દેખાડી. હવે આ વ્રજલીલા શ્રી અક્ષરબ્રહ્મજીના હૃદયમાં અંકિત થઈ જાય છે પરંતુ હજુ અખંડ થતી નથી.

**અંતર્ધ્યાન લીલા ના દરમિયાન સખીઓ ની વિરહાવસ્થા:-**

નિ:સંદેહ શ્રી કૃષ્ણજી નું નૂરી તન ત્યાં સખીઓ ની સામે યોગમાયામાં જ હતું પરંતુ શ્રી રાજજી નો આવેશ એમાં નહીં હોવાને કારણે એ તન સખીઓ ની દ્રષ્ટિથી અદ્રશ્ય થઈ જાય છે અને ધણીજી પોતાની પાસે નહીં હોવાના કારણે બધી સખીઓ દુઃખ અને વિરહ માં વ્યાકુળ થઈ જાય છે. બધી સખીઓ ભેગી થઈ વિચાર કરીને શ્રી શ્યામાજીની પાસે પૂછવા જાય છે કે ધણીજી ક્યાં છે? પરંતુ શ્રી શ્યામાજી પણ સખીઓ ને વનમાં મૂર્છિત અવસ્થામાં મળે છે જેનાથી સખીઓ ની ધીરજ તૂટી જાય છે. આ સ્થિતિમાં કોઈક સખીઓ બેસુધ થઈ જાય છે, કોઈક સખીઓ વિરહા માં અત્યંત તડપે છે અને કોઈક સખીઓના નેત્રોમાંથી આંસુઓની અવિરત ધારા પ્રવાહિત થવા લાગે છે પરંતુ થોડી સખીઓ હજુ પણ ધૈર્યપૂર્વક ઉભી રહે છે અને મૂર્છિત પડેલી સખીઓ ને પીઠબળ આપે છે કે આવી રીતે શોક ના કરો અને એ તો નિશ્ચિત છે કે ધણીજી કોઈપણ પરિસ્થિતિમાં આપણને છોડીને ના જઈ શકે તો ચાલો ધણીજી ને સંપૂર્ણ વૃંદાવનમાં શોધીએ. સંપૂર્ણ વૃંદાવનમાં શોધ્યા પછી પણ ધણીજી ક્યાંય મળતા નથી અને આ જ વૃંદાવન જેટલું સુંદર પ્રતીત થઈ રહ્યું હતું તે પોતાના પ્રિયતમ વગર અગ્નિ સમાન લાગવા લાગ્યું હતું.

જ્યારે વિરહાની પૂર્ણ પરાકાષ્ઠા થઇ જાય છે ત્યારે ધણીજી ની અંત:પ્રેરણાથી સખીઓ ના મનમાં અનુકરણ લીલા કરવાનો વિચાર આવે છે. અનુકરણ લીલા માં શ્રી ઇન્દ્રાવતીજી "શ્રી કૃષ્ણજી" નો વેશ ધારણ કરે છે, તો કોઈ સખી નંદબાબા, કોઈ સખી યશોદા મૈયા, કોઈ પૂતના અને કોઈ સખીઓ અસુરો ની વેશભૂષા ધારણ કરે છે. બધી સખીઓ ના મનમાં વિરહ ની પ્રચંડ જ્વાલા સળગી રહી છે પરંતુ બાહ્ય સ્વરૂપથી તેઓ વ્રજ ના અનેકો પ્રસંગોનું વિધિવત અભિનય કરે છે. આપણા પ્રાણેશ્વરના વિરહ માં રોતાં રોતાં પણ અભિનયમાં આનંદપૂર્વક મગ્ન થવું એ પ્રેમનું વાસ્તવિક લક્ષણ છે.

**આનંદે રોતાં રમિએ એમ, જેને કહિએ તે લછણ પ્રેમ ।**
**તેના ઉડી ગયા સર્વે નેમ, રમતાં કીધાં કઈ ચેહેન ॥**
**શ્રી રાસ પ્ર.33 ચો.૧**

શ્રી ઇન્દ્રાવતીજી એ શ્રી કૃષ્ણજીનો વેશ ધારણ કરીને જ્યારે વાંસળી પોતાના મુખ ઉપર રાખી ત્યારે મનમાં વિચાર કર્યો કે હું પિયાજી તમારો વેષ ધારણ કરી વાંસળી વગાડી રહી છું પણ મારી લાજ હવે તમારા (ધણીજીના) હાથમાં છે અને હવે તમારે પ્રગટ થવું જ પડશે. હવે શ્રી ઇન્દ્રાવતી સખી જેવી વાંસળી વગાડે છે કે બધી સખીઓ ને પ્રતિત થાય છે કે અમારા પ્રાણ પ્રિયતમ પાછા આવી ગયા છે અને તે બધા પ્રિયતમના પ્રગટ થવાના ગીત જોર જોરથી ગાવા લાગે છે અને આ મનોહર ઘડીમાં જ સખીઓના જીવનના આધાર તેમનાં પ્રાણવલ્લભ પ્રગટ થઇ જાય છે. ધણીજી ને જોઈને જ બધી સખીઓ દોડીને પિયાજી ને વળગી પડે છે. આના પછી બધી સખીઓને મન માં પોતાના ધણીજી સાથે રાસ ક્રીડા કરવાનો અતિશય ઉત્સાહ ઉત્પન્ન થાય છે.

## અધ્યાય: ૬

# અંતર્ધ્યાન પછીની લીલા.



## અધ્યાય ૬: અંતર્ધાન પછીની લીલા.

# અંતર્ધાન ના વિરામ પછી

### બ્રહ્માનંદ અને ભજનાનંદ સ્વરૂપમાં અંતર:-

અંતર્ધાન પહેલાં અને અંતર્ધાન પછી પ્રગટ થયેલ સ્વરૂપમાં કોઈ અંતર નથી. બધોજ સિનગાર પહેલા જેવો જ છે ફક્ત અંતર્ધાન પહેલાંના સ્વરૂપને બ્રહ્માનંદ અને અંતર્ધાન પછીના સ્વરૂપને ભજનાનંદ કહેવામાં આવે છે. આ બંને સ્વરૂપ સખીઓને વિરહ કર્યા પછી જ મળ્યાં હતાં.

વ્રજલીલામાં સખીઓને ઘણું સુખ લીધું પરંતુ રાસલીલામાં મળવાનું સુખ વ્રજલીલા થી ઘણું અધિક હતું કારણ કે વ્રજલીલા કાલમાયામાં થઈ હતી અને તે સમયે બધી સખીઓ પૂર્ણ નીંદમાં હતી અર્થાત્ ના તો તેમને શ્રી રાજજીની સાથેના પોતાના સંબંધની (પહેચાન) ઓળખાણ હતી કે ના તો પોતાના ઘરની સુધ હતી.

બીજી તરફ રાસલીલા યોગમાયાના બ્રહ્માંડમાં થઈ હતી જ્યાં સખીઓને પોતાના ધણીજી ની ઓળખાણ (પહેચાન) થઈ ગઈ હતી પરંતુ નિજઘર ની સુધ ત્યાં પણ નહોતી. જેટલું અધિક સુખ મળે છે તેના પછી વિરહ પણ એટલો તીવ્ર (પ્રગાઢ) થતો હોય છે.

તો જેવી રીતે રાસલીલાના સુખ વ્રજલીલાથી વધારે હતા તેવી રીતે યોગમાયામાં રામતો પછી થયેલો વિરહ પણ વ્રજમાં કરેલ વિરહ થી અધિક હતો અને જ્યારે આટલા વિરહ પછી ધણીજી નું સ્વરૂપ સામે આવ્યું તો તે સ્વરૂપ અતિ ઘણું મોહિત કરવાવાળું લાગ્યું જેને ભજનાનંદ સ્વરૂપ કહેવામાં આવ્યું. આ સ્વરૂપમાં પ્રેમનો નવા જ પ્રકાર નો વિશેષ સિનગાર હતો અર્થાત્ આ સ્વરૂપમાં સખીઓને પ્રેમથી તુપ્ત કરી દેવાની પ્રબળ ઈચ્છા હતી. આ સ્વરૂપની સાથે લીલા કરી સખીઓએ અપાર સુખ લીધું.

**આયા સરૂપ કર નએ સિનગાર, ભજનાનંદ સુખ લિએ અપાર ।**
**દોઉ આતમ ખેલે મિને ખાંત, સુખ જોસ દિયો કઈ ભાંત ।।**
**શ્રી પ્રકાશ હિન્દુસ્તાની પ્ર.૩૭ ચો.૪૬**

## શ્રી ઇન્દ્રાવતીજી અને કેસરબાઈ નો પ્રેમપૂર્ણ વિવાદ:-

અંતર્ધ્યાન ની લીલા પછી સખીઓ ધણીજી સાથે એવી રામતો કરે છે જેમાં ધણીજી ને પ્રત્યેક ક્ષણ ઘેરીને રાખે છે કે જેથી આ છલિયા ફરીથી તેમને છોડીને અદ્રશ્ય ના થઈ જાય. બધી સખીઓ સામે શ્રી ઇન્દ્રાવતીજી ધણીજી સાથે અનેક રામતો કરે છે.

### શ્રી ઇન્દ્રાવતીજી:

મેં મારા ધામ ધણીને વશ માં કરી લીધા છે. જોવું છું કે કઈ સખી ધણીજી નો હાથ મારાથી છોડાવી શકે છે ?

### શ્રી કેસરબાઈ:

હે બહેન તમે પ્રિયતમની સાથે ઘણી વધારે રામત કરી લીધી છે. હવે તેમને છોડી દો જેથી અમે પણ પિયાજી સાથે રામતો રમી શકીએ.

### શ્રી ઇન્દ્રાવતીજી:

હું તો મારા પ્રિયતમને કોઈ પણ સ્થિતિમાં છોડીશ નહીં. તમારે જેટલી તાકાત લગાવવી હોય તેટલી લગાવી લો. તમે ફક્ત વાલાજી નો હાથ પકડી શકો છો. હું તો પહેલાંથી જ વાલાજી સાથે લીલા કરી રહી છું એટલે તમે વાલાજીને ના લઈ શકો.

### શ્રી કેસરબાઈ:

તમને પ્રિયતમ સાથે લીલા કરતાં બહુ જ સમય થઈ ગયો છે. આવી અવસ્થામાં પ્રાણોના આધાર પ્રિયતમ ને કેમ નહીં છોડો?

## શ્રી ઇન્દ્રાવતીજી:

તમારી સામે કોઈ દુર્બલ બેસહાય સખી નથી, તમે કેટલું પણ જોર કેમ ન લગાવી લો પણ મારા પ્રિયતમ ને મારાથી નહીં છોડાવી શકો.

આ બંને વચ્ચે આવો વિવાદ જોઈને શ્રી રાજજી હસવા લાગ્યા. પ્રિયતમે બંનેને શાંત કરવા માટે શિખામણ આપી પરંતુ બંનેમાંથી કોઈ જરા પણ ઝુકવા માટે તૈયાર ન હતાં. આ પછી રામતને આનંદપૂર્વક બનાવવા માટે શ્રી રાજજી એ બધી સખીઓ સાથે અલગ અલગ રૂપ ધારણ કરીને લીલા કરી જેનાથી બધી સખીઓ સંતુષ્ટ થઈ ગઈ. શ્રી કેસરબાઈ વિચારે છે કે ધણીજી ફક્ત તેની પાસે છે એવી જ રીતે શ્રી ઇન્દ્રાવતીજી ને લાગતું હતું કે ધણીજી ફક્ત તેની સાથે લીલા કરી રહ્યા છે પરંતુ પ્રિયતમે તો ૧૨૦૦૦ રૂપ ધારણ કરીને બધી સખીઓ સાથે આનંદમયી લીલા કરી.

આ લીલા પછી શ્રી ઇન્દ્રાવતીજી અને કેસરબાઈજી એકબીજાને આપસમાં મળી તો બંને મનમાં ને મનમાં લજ્જિત થઈને કહેવા લાગી કે સખી આપણે આપસમાં વિવાદ કરી કેટલો અનર્થ કર્યો. બંને ખુબજ ઉત્સાહપૂર્વક એકબીજાને ગળે મળી. આ પ્રકારે પારસ્પરિક પ્રેમની ચાહતથી તેમણે મનની મલિનતાને ખતમ કરી નાખી. સખીઓ ના મનમાં જે પ્રકારની ઈચ્છા હતી તે ધણીજીએ બધી ઇચ્છાઓ પૂર્ણ કરી દીધી.

વૃંદાવનમાં રામતો કરી લીધા પછી બધી સખીઓ ધણીજી સાથે જમનાજીના કિનારે આવી ગઈ. જળ ક્રીડા કરવા માટે બધી જ સખીઓ ને જમનાજી માં પ્રવેશ કર્યો અને જળમાં પ્રવેશ કર્યા પહેલાં બધાના વસ્ત્ર પણ જળ કીડાના માફક બદલાઈ ગયા. જળ માં ધણીજી સાથે અનેક પ્રકારની ક્રીડાઓ  કરીને બધી સખીઓ એ અપાર આનંદનો અનુભવ કર્યો. જળ ક્રીડા પછી સુંદરબાઈ, ઇન્દ્રાવતી, રત્નાવતી તથા લીલબાઈ જમનાજી ના જળમાંથી સર્વપ્રથમ બહાર નીકળી ત્યાર પછી તેમને બધા અંગોનો સિનગાર કર્યો. આ ચારેય સખીઓએ ભેગાં મળીને શ્રી શ્યામાજી ને વસ્ત્ર અને આભૂષણ બહુ જ પ્રેમપૂર્વક પહેરાવ્યાં. એટલા માં પ્રિયતમે આવીને બહુજ પ્રેમ ભરી ચાહના ની સાથે શ્રી શ્યામાજીના વાળની ચોટી ગૂંથી. ત્યાર પછી આશબાઈ, કમલાવતી, ફુલબાઈ અને ચંપાવતી આ ચારેય સખીઓએ મળીને એક સાથે પોતાનો સિનગાર કર્યો અને આ ચારેય સખીઓએ મળીને શ્રી રાજજી નો સિનગાર કરાવ્યો અને બાકી સખીઓએ ભેગા થઈને એકબીજાનો સિનગાર કર્યો.

હવે બધી સખીઓ ભોજન આરોગવા માટે અલગ અલગ પંગતોમાં બેસી ગઈ. શ્રી ઇન્દ્રાવતીજી ૧૦૦ સખીઓની સાથે વિધિવત ભોજન પીરસવા માટે તૈયાર થઈ ગઈ અને બધાની થાળીમાં અનેક પ્રકારના વ્યંજન પીરસ્યા. શ્રી રાજજી એ પણ બધી સખીઓની સાથે ભોજન ગ્રહણ કર્યું.

જે સખીઓ ભોજન પીરસી રહી હતી તેમને સ્વયં શ્રી રાજજીએ પોતાના હાથેથી ભોજન પીરસ્યું અને બધાએ પાન નું બીડું પણ ગ્રહણ કર્યું. ભોજન ગ્રહણ કરી લીધા પછી બધી સખીઓ શ્રી રાજજીની પાસે એમને ઘેરીને બેસી ગઈ અને પ્રેમપૂર્વક વાર્તાલાપ કરવા લાગી.

**સખીઓનું શ્રી રાજજી સાથે પરમધામ તરફ પ્રસ્થાન:**

ધામધણી સાથે પ્રેમપૂર્વક વાતો કરતી વખતે બધી સખીઓને વિરહની એ ક્ષણો (પલ) ની યાદ આવી ગઈ જેમાં સખીઓને ઘણું બધું દુ:ખ થયું હતું.

**શ્રી ઇન્દ્રાવતીજી શ્રી રાજજીને પૂછે છે –**

"

.

."

**શ્રીરાજજી સખીઓને કહે છે–**

"

.

. !

."

.

, "

.

**શ્રી ઇન્દ્રાવતીજી ની વાત સાંભળી ધણીજી કહે છે–**

.

.

**હવે સખીઓ શ્રી રાજજી ને કહે છે,**

.

.

!

( ) ,

. .

.

.

! ,

.

.

**હવે વાલા હૂં એટલૂં માંગૂં, ખિણ એક અલગાં ન થૈએ ।**
**જિહાં અમને વિરહ નહીં, ચાલો તે ઘર જૈએ ॥**
**શ્રી રાસ પ્ર.૪૭ ચો.૪૩**

આપણે પરમધામમાં આપણા ધણીજી પાસેથી દુઃખનો ખેલ જોવાની ઈચ્છા કરી હતી જે ધણીજીએ આપણને વ્રજ અને રાસમાં બતાવી દીધો તથા અમારા મનને રાસની રામતોથી આનંદિત પણ કરી દીધું. ત્યાર પછી ધણીજી આપણને આપણા મૂળ ઘર પરમધામ માં લઈ ગયા અને શ્રી અક્ષરબ્રહ્મજી પણ પોતાના મૂળ તન (પરમધામ) માં જાગ્રત થઈ ગયા અર્થાત્ શ્રી અક્ષરબ્રહ્મજી, શ્રી શ્યામાજી અને સખીઓ ની આતમ પોતપોતાના મૂળ તન માં ચાલી ગઈ.

## અધ્યાય:૭

# અખંડ વ્રજલીલા તથા રાસલીલાના રહસ્ય:



# અધ્યાય ૭: અખંડ વ્રજલીલા તથા રાસલીલાના રહસ્ય:

## અખંડ વ્રજલીલા તથા રાસલીલા

### વ્રજ તથા રાસ લીલા ક્યાં અખંડ થઈ?

જેવા શ્રી અક્ષરબ્રહ્મજી પોતાના મૂળ તન માં જાગૃત થાય છે ત્યારે વ્રજ અને રાસની લીલાને અખંડ કરે છે. રાસ રમાઈ તો કેવલબ્રહ્મ (બુદ્ધિનું સ્વરૂપ) ની અંદર પરંતુ તેને અખંડ શ્રી અક્ષરબ્રહ્મજીના ચિત્ત સ્વરૂપ સબલિકબ્રહ્મના મહાકારણમાં કરવામાં આવી અને વ્રજલીલાને સબલિકબ્રહ્મના કારણ માં અખંડ કરવામાં આવી.

**અછર ચિતમેં એસો ભયો, તાકો નામ સદા સિવ કહ્યો ।**
**વ્રજ રાસ દોઉ બ્રહ્માંડ, એ બ્રહ્મ લીલા ભઈ અખંડ ।।**
**શ્રી પ્રકાશ હિન્દુસ્તાની પ્ર.૩૭ ચો.૪૯**

આ પ્રકારે શ્રી અક્ષરબ્રહ્મજીના ચિત્તમાં વ્રજલીલા અખંડ થઈ જવાથી સબલિકબ્રહ્મ નું નામ સદાશિવ ચેતન પડી ગયું. વ્રજ અને રાસની બંને લીલાઓને બ્રહ્મલીલા કહેવામાં આવે છે. જે યોગમાયાના બ્રહ્માંડમાં અખંડ થઈ ગઈ છે (આજે પણ ચાલી રહી છે).

**અખંડ રાસમાં બધા તનોમાં શક્તિઓનો સમાવેશ:-**

**શ્રી કૃષ્ણજી:**
નુરી તન:- શ્રી કૃષ્ણજી / શ્રી રાસ બિહારી જી / શ્રી બાંકે બિહારી જી
જીવ:- X (કોઈ જીવ નહીં)
આતમ: X (કોઈ આતમ નહીં)
આવેશ: X (કોઈ આવેશ નહીં)

**શ્રી રાધિકાજી:**
નુરી તન:- શ્રી રાધિકાજી
જીવ:- વ્રજમંડલ (કાલમાયા) ના રાધિકાજીનો ઉત્તમ જીવ
આતમ:- X (કોઈ આતમ નહીં)

**સખીઓ:**
નુરીતન:- ૧૨૦૦૦ સખીઓના નુરી તન
જીવ:- વ્રજમંડલ (કાલમાયા) ની ગોપીઓનો ઉત્તમ જીવ
આતમ:- X (કોઈ આતમ નહીં)

પરમધામ ની આત્માઓ વ્રજમાં ગોપીઓના તનમાં જે જીવ ઉપર વિરાજમાન થઈ હતી તે જીવ રાસ માં અખંડ થઈ ગયા અને આત્માઓ ફરીથી પરમધામ પહોંચી ગઈ. આ ૧૨૦૦૦ સખીઓના નુરી તન આજે પણ અખંડ રાસમાં શ્રીકૃષ્ણજી (કિશોર સ્વરૂપ) અને રાધિકાજી ના નુરી તનોની સાથે લીલા કરી રહ્યાં છે. શ્રી રાધિકાજી, સખીઓના જીવ વ્રજમંડલ (કાલમાયા) માં પણ હતા આ જીવોએ યોગમાયામાં રાસનો આનંદ પણ લીધો અને સબલિકબ્રહ્મ માં અખંડ થયેલ રાસમાં આ જીવોને પણ અખંડતા મળી ગઈ.

## રાસ પછી ઈશ્વરીસૃષ્ટિની સુરતા ક્યાં ગઈ?

શ્રી અક્ષરબ્રહ્મજી એ વિશેષરૂપથી આ ખેલ જોવા માટે ૨૪૦૦૦ સુરતા ધારણ કરી હતી. જેને ઈશ્વરીસૃષ્ટિ કહેવાય છે. યોગમાયામાં રાસ રમવા માટે ૧૨૦૦૦ બ્રહ્મસૃષ્ટિઓના તનો માં જ ૨૪૦૦૦ ઈશ્વરીસૃષ્ટિની સુરતાઓએ પ્રવેશ કર્યો હતો. રાસ રમવા માટે ઈશ્વરીસૃષ્ટિને કોઈ અલગથી તન મળેલ નહોતા તેથી રાસ પછી બધાની આતમ પોતાના મૂળ સ્થાન પર પરત ગઈ. બ્રહ્મસૃષ્ટિઓ પરમધામ પહોંચી ગઈ, શ્રી અક્ષરબ્રહ્મજીની આતમ પોતાના મૂળ સ્થાન અક્ષરધામમાં પહોંચી ગઈ અને એવી જ રીતે ઈશ્વરીસૃષ્ટિની સુરતા પોતાના મૂળ સ્થાન યોગમાયામાં સતસ્વરૂપબ્રહ્મ માં પહોંચી ગઈ.

## વ્રજલીલા કઈ જગ્યાએ અખંડ થઈ? અને તેમાં કોણ કોણ અખંડ થયું?

વ્રજલીલા ૧૧ વર્ષ ૫૨ દિવસ સુધી ખેલી જે કાલમાયાના બ્રહ્માંડમાં થઈ પરંતુ તેને યોગમાયાના સબલિકબ્રહ્મ ના કારણ માં અખંડ કરી. અખંડ વ્રજલીલામાં તન અને શક્તિઓ નો સમાવેશ નીચે પ્રમાણે છે.
**શ્રી કૃષ્ણજી:-**
નુરી તન:- શ્રી કૃષ્ણ જી / બાલમુકુંદજી (યોગમાયાનું નુરી તન)
જીવ:- વિષ્ણુજી
આતમ:- X (કોઈ આતમ નહીં)
આવેશ:- X (કોઈ આવેશ નહીં)

**શ્રી રાધિકાજી:-**
નુરી તન:- શ્રી રાધિકાજી (યોગમાયા નું નુરી તન)
જીવ:- X (કોઈ જીવ નહીં)
આતમ:- X (કોઈ આતમ નહીં)

**સખીઓ:-**
તન:- 12,000 નુરી તન (યોગમાયાના નુરી તન)
જીવ:- X (કોઈ જીવ નહીં)
આતમ:- X (કોઈ આતમ નહીં)

**કુમારીકા સખીઓ:**
તન:- ૨૪૦૦૦ (યોગમાયાના નુરી તન)
જીવ:- ૨૪૦૦૦ જીવ (જે જીવ કાલમાયાના વ્રજમંડલમાં કુમારીકા સખીઓના તન માં હતા)
સુરતા:- X (કોઈ સુરતા નહીં)

**જીવસૃષ્ટિ:-**
વ્રજમંડલ માં જે જીવ શ્રીકૃષ્ણજીના સાનિધ્યમાં આવેલ હતા તેમને પણ વ્રજલીલા (સબલિક બ્રહ્મ) માં અખંડ કરી દીધા.
તન:- નુરી તન (યોગમાયાનુ)
જીવ:- કાલમાયા ના વ્રજમંડળના જીવ
આતમ:- X (કોઈ આતમ નહીં)


કાલમાયાના વ્રજમંડલના તન યોગમાયાના બ્રહ્માંડમાં પ્રવેશ કરી શકતા નથી. એટલા માટે કાલમાયાના તન નષ્ટ થઈ ગયા અને વ્રજલીલા સબલિકબ્રહ્મના કારણમાં અખંડ થઈ. ત્યાં શ્રી કૃષ્ણજી (બાલ સ્વરૂપ), શ્રી રાધિકાજી, સખીઓ અને જીવસૃષ્ટિના યોગમાયાના નુરી તન લીલા કરી રહ્યાં છે. યોગમાયાનું બ્રહ્માંડ કાલમાયાના બ્રહ્માંડથી ઘણું અલગ છે ત્યાં કોઈ તન ને કાર્યશીલ કરવા માટે જીવ નું હોવું આવશ્યક નથી. આ બધા નુરી તન આજે પણ અખંડ રૂપ થી લીલા કરી રહ્યા છે.

## રાસલીલા દરમિયાન બધા જીવોનું સ્થાન:-

પ્રલય થયા પછી બ્રહ્મસૃષ્ટિઓના જીવ પણ સુરતા સાથે રાસ ખેલવા માટે કેવલબ્રહ્મ માં ગયા તે સમયે અન્ય બધા જીવ જે વ્રજમંડલ માં હતા, જેમાં ઈશ્વરીસૃષ્ટિના જીવ, શ્રી કૃષ્ણજીના સાનિધ્યમાં આવેલા જીવ પણ અને અન્ય જીવસૃષ્ટિના જીવ કે જે શ્રી કૃષ્ણજીના સાનિધ્યમાં આવ્યા ન હતા અર્થાત રાધિકાજી અને બ્રહ્મસૃષ્ટિઓના જીવો સિવાય ૧૪ લોક ના બધા જીવોને કારણ પ્રકૃતિમાં સુષુપ્તિ અવસ્થામાં રાખી દેવામાં આવ્યા અને જ્યારે વ્રજલીલા ને અખંડ કરવામાં આવી ત્યારે તેમાંથી ઈશ્વરીસૃષ્ટિ ના જીવોને અને જે જીવસૃષ્ટિ શ્રી કૃષ્ણજીના સાનિધ્યમાં આવી હતી તેમને સબલિકબ્રહ્મ ના કારણ માં વ્રજલીલામાં અખંડ કરી દેવામાં આવ્યા.

## અધ્યાય ૮

# પ્રતિબિંબ લીલા ના ગુહ્ય ભેદ



# અધ્યાય ૮: પ્રતિબિંબ લીલા ના ગુહ્ય ભેદ

## પ્રતિબિંબ રાસ લીલા ની ભૂમિકા:-

વ્રજથી રાસમાં જવા માટે સખીઓએ જેવા તન છોડ્યા તે જ ક્ષણે વ્રજના બ્રહ્માંડ નો પ્રલય કરી દીધો. આમાં ફક્ત એક જ બ્રહ્માંડનો (ચૌદ લોકોનો) પ્રલય કરવામાં આવ્યો હતો કે જે બ્રહ્માંડનો ભાગ વ્રજમંડલ હતું. આવા અસંખ્ય બ્રહ્માંડ મૌજુદ છે પરંતુ તેમનો પ્રલય કરવામાં આવ્યો નહતો.

જો બાકી શેષ રહેલા બ્રહ્માંડોનો પ્રલય કરવામાં આવ્યો હોત તો તેને મહાપ્રલય કહેવામાં આવત. રાસ પછી યોગમાયામાં રાસલીલા અને વ્રજલીલાને અખંડ કરવામાં આવી અને તેમાં જે જીવ અખંડ થયા એ નીચે પ્રમાણે છે.

**૧. બ્રહ્મસૃષ્ટિઓના જીવ (રાસમાં અખંડ થયા)**
**૨. ઈશ્વરીસૃષ્ટિઓના જીવ (વ્રજલીલામાં અખંડ થયા)**
**3. જીવસૃષ્ટિ (જે શ્રી કૃષ્ણજી ના સાનિધ્યમાં આવી) ના જીવ (વ્રજલીલામાં અખંડ થયા)**

વ્રજલીલા અને રાસલીલા અખંડ થઈ ગયા પછી કાલમાયામાં વ્રજના નવા બ્રહ્માંડની રચના કરવામાં આવે છે અને જ્યાં વૃંદાવનમાં (કાલમાયામાં) શ્રીકૃષ્ણજી વાંસળી વગાડતા હતા, ત્યાં જ વૃંદાવનમાં આવીને શ્રીકૃષ્ણજી વાંસળી વગાડે છે અને અહીંયાથી પ્રતિબિંબની લીલા શરૂ થઈ જાય છે. પારબ્રહ્મના આદેશથી આ નવું બ્રહ્માંડ એટલું બધું ચમત્કારીક ઢંગ થી બનાવ્યું કે એમાં રહેવાવાળાઓએ એવી ધારણા બનાવી દીધી કે અમે તો પહેલાવાળા બ્રહ્માંડના રહેવાવાળા છીએ અને અમે તો બહુ જ પહેલાંથી આમાં રહેતા આવ્યા છીએ.

**પ્રતિબિંબ રાસલીલા શ્રી કૃષ્ણજી, શ્રી રાધિકાજી અને સખીઓના રૂપમાં કોણે ખેલી?**

**શ્રી કૃષ્ણજી:-**
તન:- શ્રી કૃષ્ણજીનું (૧૧ વર્ષ ૫૨ દિવસનું કાલમાયાનું નવું તન)
જીવ:- વિષ્ણુજી નો જીવ
આતમ:- X (કોઈ આતમ નહીં)
આવેશ / શક્તિ:- સબલિકબ્રહ્મના મહાકારણમાં અખંડ થયેલ રાસમાં જે રાસબિહારીનું તન છે તે તન નો આવેશ.

**રાધિકાજી:-**
તન:- રાધિકાજીનું (કાલમાયાનું નવું તન)
જીવ:- કાલમાયા નો નવો જીવ
સુરતા:- વેદઋચા સખીઓની

**વેદઋચા સખીઓ:-** પ્રતિબિંબ લીલામાં ૧૨૦૦૦ બ્રહ્મસૃષ્ટિઓ ના સ્થાન ની જગ્યાએ હવે જે સખીઓએ શ્રીકૃષ્ણજી ની સાથે લીલા કરી તેમનામાં વેદઋચા સખીઓ ની સુરતા આવી છે. એટલે હવે થી તે બધાને વેદઋચા સખીઓ કહેવામાં આવશે.
તન:- ૧૨૦૦૦ નવા કાલમાયાના તન
જીવ:- નવા જીવ કાલમાયાના
સુરતા:- વેદઋચા સખીઓની

**પ્રતિબિંબની સખીઓ:-** પ્રતિબિંબ લીલામાં ૨૪૦૦૦ ઈશ્વરીસૃષ્ટિઓ ના સ્થાન ની જગ્યાએ હવે જે સખીઓએ શ્રીકૃષ્ણજી સાથે લીલા કરી એમનામાં સબલિકબ્રહ્મ ના કારણમાં અખંડ થયેલ ઈશ્વરીસૃષ્ટિના જીવ સુરતા રૂપમાં આવેલ છે. એટલે હવેથી તે બધાને પ્રતિબિંબની સખીઓ કહેવામાં આવશે.
તન:- ૨૪૦૦૦ કાલમાયાના નવા તન
જીવ:- કાલમાયાના નવા જીવ
સુરતા: સબલિકબ્રહ્મ ના કારણ માં અખંડ થયેલ ઈશ્વરીસૃષ્ટિના જીવ સુરતા રૂપમાં.

**જીવસૃષ્ટિ:-** એ જીવસૃષ્ટિ જે શ્રી કૃષ્ણજીના સાનિધ્યમાં આવેલ હતી અને તેમના જીવ સબલિકબ્રહ્મના કારણ માં અખંડ થઈ ગયેલ હતાં.
તન:- કાલમાયાનું નવું તન
જીવ:- કાલમાયાના નવા જીવ
સુરતા: X (કોઈ સુરતા નહીં)

રાસ સબલિકબ્રહ્મના મહાકારણમાં અને વ્રજલીલા સબલિકબ્રહ્મના કારણમાં અખંડ થઈ તેમનું પ્રતિબિંબ સબલિકબ્રહ્મના સ્થૂલ (સબલિકબ્રહ્મનું સ્થૂલ = અવ્યાકૃતબ્રહ્મ નું મહાકરણ) માં પણ પડ્યું. અવ્યાકૃતબ્રહ્મ ના સ્થૂલમાં વેદોનું પણ સ્થાન છે. આ વેદ પોતાના જ્ઞાનનો પ્રકાશ લઈ દરેક બ્રહ્માંડમાં અવશ્ય આવે છે. જ્યારે વેદોએ રાસલીલાનું પ્રતિબિંબ અવ્યાકૃતબ્રહ્મમાં પડતા જોયું તો વેદોના મનમાં પણ આ લીલા દેખવાની ઈચ્છા થઈ કારણ કે તેમને તો આવી પ્રેમમયી લીલા ક્યારેય જોઈ ન હતી.

અખંડ રાસ નું પ્રતિબિંબ અવ્યાકૃતબ્રહ્મના મહાકારણમાં પડ્યું. આ પ્રતિબિંબવાળા રાસબિહારીજીના સ્વરૂપે વેદોને આદેશ આપ્યો કે આ પ્રેમમયી લીલા જોવાની ઈચ્છા આપણા મનમાં આવી છે, તો તેને પૂર્ણ કરવા માટે આપ સુરતા રૂપ ધારણ કરો. આમ જ્યારે વેદોએ સુરતા રૂપ ધારણ કર્યું ત્યારે તેમને વેદઋચા સખી કહેવામાં આવી. આમને જ કાલમાયા માં ૧૨૦૦૦ ગોપીઓના તનમાં ઉતારવામાં આવી અને ૨૪૦૦૦ પ્રતિબિંબની સખીઓના રૂપમાં તે ઇશ્વરીસૃષ્ટિના જીવોને સુરતા રૂપમાં ઉતારવામાં આવ્યાં જે સબલિકબ્રહ્મના કારણમાં વ્રજલીલામાં અખંડ છે.

આ અખંડ થયેલ જીવોની સુરતા ને એટલા માટે કાલમાયામાં ઉતારવામાં (લાવવામાં) આવી કારણ કે કુમારીકા સખીઓના જીવો એ વ્રજ (કાલમાયા) માં શ્રીકૃષ્ણજી સાથે પ્રેમમયી લીલા ખેલવાની (રમવાની) માગણી કરેલ હતી અને આ જીવોએ ખૂબ વ્રત રાખેલ હતા અને આ જીવ અખંડ રાસ રમવા માટે કેવલબ્રહ્મમાં ગયા ન હતા, ત્યાં ફક્ત ઈશ્વરીસૃષ્ટિની સુરતા ગયેલ હતી. એટલા માટે આ જીવોની ઈચ્છા પૂર્ણ કરવા માટે તેમને પ્રતિબિંબની રાસ ખેલવા (રમવા) માટે કાલમાયામાં લાવવામાં આવ્યા અને પ્રલય પછી વ્રજમાં નવું બ્રહ્માંડ બન્યું તેને પ્રતિબિંબ રાસની રાત્રિથી શરૂ કરી દીધું અને આ એક રાત્રીને છ(૬) મહિનાની લાંબી કરી દેવામાં આવી કારણ કે આદિનારાયણજી દ્વારા બનાવેલ કાલમાયાના બ્રહ્માંડમાં પ્રથમ વખત આવી રીતની પ્રેમમયી લીલા થઈ રહી હતી. એટલા માટે તેમણે આ એક રાત્રીને છ(૬) મહિનાની લાંબી કરી દીધી અને આનંદ લેતા રહ્યા.

આ છ(૬)મહિનાની બરાબર ની એક રાત્રી પછી બધી સખીઓ પોતપોતાના ઘરોમાં જઈને સૂઈ જાય છે. જ્યારે બધા ગોવાળ સવારે ઊઠે છે ત્યારે પોત પોતાની પત્નીઓ ને પોતાની જોડે સુતેલી જોવે છે અને તેમને તે પણ યાદ નથી રહેતું કે સંધ્યા સમયે વાંસળીની અવાજ સાંભળીને બધી સખીઓએ પોતાના તનોનો ત્યાગ કરી દીધો હતો. વ્રજનું બ્રહ્માંડ બિલકુલ આબેહૂબ પહેલા જેવું ચાલવા લાગે છે, જેવું કે પ્રલય પહેલાં ચાલતું હતું. તેનું કારણ બધાના તનો તો ઉપરથી (બાહરી રૂપથી) પહેલાં જેવા જ પ્રતિત થતા હતા પરંતુ અંદર બધી શક્તિઓ અને જીવ કેવી રીતે બદલાઈ ગયા હતા તેનો આભાસ કોઈને પણ થતો ન હતો.

**નોંધ :** યોગમાયા માં પ્રવેશ કર્યા પછી જીવ જીવરૂપ રહેતા નથી પરંતુ એ પણ સુરતા રૂપ થઈ જાય છે. ઈશ્વરીસૃષ્ટિ ના જે જીવો વ્રજલીલામાં અખંડ થઈ ગયા તે પણ સુરતા રૂપ થઇ ગયા અને આ જ પ્રતિબિંબ રાસલીલામાં કુમારીકા સખીઓના સ્થાન ઉપર આવી.

## પ્રતિબિંબની રાસ શા માટે રમાડી (ખેલાઈ) હતી?

**પ્રતિબિંબની રાસને રમવાનું (ખેલવાનું) કારણ નીચે પ્રમાણે છે:-**

- વેદો (વેદઋચા સખીઓ) ની ઈચ્છા પૂર્ણ કરવા માટે.
- ૨૪૦૦૦ ઈશ્વરીસૃષ્ટિના જીવોની ઈચ્છા પૂરી કરવા માટે.
- આ કાલમાયાના બ્રહ્માંડમાં આમ ખલક અથવા જીવસૃષ્ટિને ખબર ન હતી કે રાસલીલા રમાઈ (ખેલાઈ) ગઈ છે કારણ કે તે તો યોગમાયાના બ્રહ્માંડમાં થઈ હતી. તો જીવસૃષ્ટિને વિશ્વાસ અપાવવા માટે કે રાસલીલા રમાઈ ગઈ છે અથવા આ રીતની પ્રેમલીલા થઇ છે. તેને કાલમાયાના પ્રતિબિંબની રાસના રૂપમાં રમાડવામાં આવી. જેથી જ્યારે રાસના વિષે ગ્રંથોમાં લખાણ થાય ત્યારે તેમણે પણ તેનો આભાસ થઇ શકે.

**જો પ્રગટ લીલા ન હોવે દોએ, તો અસલ નકલ કી સુધ ક્યોં હોએ ।**
**તા કારણ એ ભઈ નકલ, સુધ કરને સંસાર સકલ ॥**
**શ્રી પ્રકાશ હિન્દુસ્તાની પ્ર.૩૭ ચો.૫૬**

## શ્રી રાધિકાજી, સખીઓ અને જીવસૃષ્ટિમાં નવા જીવ ક્યાંથી આવ્યા:-

જે જીવસૃષ્ટિ, શ્રી કૃષ્ણજીના સાનિધ્યમાં આવી શકી નહીં તેમને આ નવા બ્રહ્માંડની રચના થતાં જ અહીં બનેલા નવા તનો માં મોકલી દેવામાં આવ્યા પરંતુ આ નવા બ્રહ્માંડમાં થોડા જીવ ઓછા થઈ ગયા કે જે યોગમાયાના બ્રહ્માંડમાં રાસલીલા અને વ્રજલીલામાં અખંડ થઇ ગયા હતા. એટલા માટે શ્રી રાધિકાજી, વેદઋચા સખીઓ (૧૨૦૦૦), પ્રતિબિંબની સખીઓ (૨૪૦૦૦) અને અન્ય જીવસૃષ્ટિ (જે અખંડ થઈ હતી) ને કાલમાયાનાં નવા બનેલા તનોમાં નવા જીવ જ પ્રવેશ થયા. ઈશ્વરીસૃષ્ટિના જીવો એ વ્રજમંડલનો પ્રલય થતો જોયો હતો, જે સમયે બધી સખીઓ પોતાના તનોનો ત્યાગ કરી રહી હતી. આના પછી ઈશ્વરીસૃષ્ટિ એ પણ પોતાના તનોનો ત્યાગ કરી દીધો હતો અને તેમની સુરતા રાસ રમવા માટે કેવલબ્રહ્મમાં યોગમાયાનાં બ્રહ્માંડમાં પહોંચી ગઈ હતી.

જે સમયે ઈશ્વરીસૃષ્ટિની સુરતા કેવલબ્રહ્મમાં રાસ રમવા માટે ગઈ હતી તે સમયે એમના જીવોને કારણ પ્રકૃતિમાં સુષુપ્તિ અવસ્થામાં રાખ્યા હતાં. જ્યારે વ્રજલીલાને અખંડ કરી દીધી ત્યારે તેમના જીવ સબલિકબ્રહ્મના કારણમાં વ્રજલીલામાં અખંડ થયા અને ફરીથી આ જીવોની સુરતા કાલમાયામાં પ્રતિબિંબ લીલામાં ૨૪૦૦૦ પ્રતિબિંબની સખીઓની અંદર ઉતરી આવી. એટલા માટે પ્રતિબિંબની સખીઓને એક ધૂંધલી (ઝાંખી) યાદ હતી કે અમે તો અમારા તન ત્યાગ કરીને એક પ્રકાશમયી બ્રહ્માંડમાં પહોંચી ગઈ હતી પરંતુ અમે ફરીથી પાછી કેવી રીતે આવી ગઈ?

આ રહસ્યને તે ક્યારેય પણ સમજી શકી નહીં. જ્યારે પ્રતિબિંબની સખીઓનો સંશય (ભ્રમ) દુર ના થયો તો ભલા અન્ય જીવો શું કરી શકે? બ્રહ્મસૃષ્ટિઓના સિવાય બેહદના ગુઢ રહસ્યોને બીજા કોણ જાણી શકે? આ સંસારમાં જીવ બેહદના ગુઢ રહસ્યોને સમજવામાં પૂરી રીતે અસમર્થ છે. પ્રતિબિંબની સખીઓ ભ્રમવશ એમ જ માનતી રહી કે અમે જ રાસલીલા કરી હતી અને આ પ્રતિબિંબ લીલામાં અમે જ લીલા કરી રહ્યા છીએ.

**ધોખા ઇનોં કા ભી ના મિટ્યા, તો કહા કરે ઔર ।**
**બેહદ વાણી કે માએને, ક્યોં હોવે દૂજે ઠૌર ।।**
**શ્રી પ્રકાશ હિન્દુસ્તાની પ્ર.૩૧ ચો.૪૮**

## અધ્યાય ૯

# શ્રીકૃષ્ણ ત્રિધા લીલાના ત્રણ ભાગ

# અધ્યાય ૯: શ્રીકૃષ્ણ ત્રિધા લીલાના ત્રણ ભાગ

### ત્રિધા લીલા ના ત્રણ ભાગ:-

- વ્રજમંડલમાં ૧૧ વર્ષ ૫૨ (બાવન) દિવસની લીલા. જેમાં શ્રી રાજજીનો આવેશ શ્રી કૃષ્ણજીના તન માં લીલા કરે છે.
- ૧૧ દિવસની લીલા, જેમાં સાત દિવસ ગોકુળ અને ચાર દિવસ મથુરા ના. જેમાં યોગમાયા ના રાસબિહારીજી નો આવેશ શ્રી કૃષ્ણજીના તનમાં લીલા કરે છે.
- ૧૧૨ વર્ષે સુધી વિષ્ણુમય શ્રી કૃષ્ણજીના તનથી થયેલ લીલા. જેમાં શ્રીકૃષ્ણજીના તન માં કોઈ આવેશ હોતો નથી, ફક્ત વિષ્ણુજી નો જીવ બધી લીલા કરે છે.

**કિયા રાજ મથુરા દ્વારકા, બરસ એક સૌ ઔર બાર ।**
**પ્રભાસ સબ સંઘાર કે, જાએ ખોલે બૈકુંઠ દ્વાર ॥**
**શ્રી કલશ હિન્દુસ્તાની પ્ર.૧૮ ચો.૨૩**

### રાસલીલાના પ્રકાર:

- સૌપ્રથમ રાસ યોગમાયામાં કેવલબ્રહ્મમાં રમાઈ (ખેલી). આ લીલા યોગમાયાના બ્રહ્માંડની એક રાત્રિમાં થઈ.

- જે રાસલીલા કેવલબ્રહ્મમાં રમી (ખેલી) હતી તેને સબલિકબ્રહ્મના મહાકારણમાં અખંડ કરી દીધી અને આજે પણ આ લીલા નિરંતર ચાલી રહી છે.

- જે પણ વાત ચિત્તમાં આવે છે તે આપમેળે મનમાં પણ આવી જાય છે અર્થાત્ જે લીલા સબલિકબ્રહ્મ (ચિત્ત સ્વરૂપ) માં અખંડ થઈ તે અવ્યાકૃતબ્રહ્મ (મન સ્વરૂપ) માં પણ આવી ગઈ એટલા માટે અખંડ થયેલ રાસનું પ્રતિબિંબ અવ્યાકૃતબ્રહ્મના મહાકારણ અથવા સબલિકબ્રહ્મના સ્થૂલ માં પણ પડ્યું.

- પ્રલય પછી ફરીથી કાલમાયાના બ્રહ્માંડની રચના કરવામાં આવી અને તેની શરૂઆત પ્રતિબિંબ રાસલીલાથી કરવામાં આવી.

**ત્રિધા લીલાના બીજા ભાગમાં ૧૧ દિવસની લીલા (સાત દિવસ ગોકુળ અને ચાર દિવસ મથુરા):-**

પ્રલય પહેલા વ્રજમંડલમાં જેવી લીલા ચાલતી હતી બિલકુલ તેવી લીલા સાત દિવસ સુધી ગોકુળમાં ચાલતી રહી. સાત દિવસ સુધી પ્રતિબિંબ અને વેદઋચા સખીઓની સાથે ગોકુળમાં પ્રેમ લીલા થઈ. કંસના નિર્દેશ મુજબ શ્રી કૃષ્ણજી અને બલરામજીને લઈને અક્રૂરજી મથુરામાં જાય છે. જયાં ચાર દિવસ સુધી લીલા થઈ. ૨૪૦૦૦ કુમારીકાઓના જીવરૂપી પ્રતિબિંબની સખીઓ અને ૧૨૦૦૦ વેદઋચાઓ સાથે શ્રી કૃષ્ણજી ના જે સ્વરૂપે ૧૧ દિવસ (સાત દિવસ ગોકુલ+ચાર દિવસ મથુરા) લીલા કરી તેમાં રાસબિહારીજીનો આવેશ અને વિષ્ણુ ભગવાનનો જીવ હતો.

**ખેલે પિછલે સાથ મેં, સાત દિન તાંઈ ।**
**અક્રુર ચલ્યા બુલાએ કે, પોહોંચે મથુરા માંહીં ।।**
**શ્રી પ્રકાશ હિન્દુસ્તાની પ્ર.૩૧ ચો.૫૧**

મથુરામાં જઈને ચાર દિવસની લીલામાં શ્રીકૃષ્ણજી કુબલ્યા-પીડ નામના હાથી ને મારે છે. ચાણુર મુષ્ટિક જેવા યોદ્ધાઓ તથા કંસનો વધ કરે છે ત્યાર પછી નાના ઉગ્રસેનજી, તેમના માતા પિતા (દેવકી અને વસુદેવ) ને કારાગાર માંથી મુક્ત કરાવે છે. કારાગારમાંથી મુક્ત કર્યા પછી તે તેમના નાના ઉગ્રસેનજી ને સિંહાસન ઉપર બેસાડી રાજ્યભિષેક કરાવે છે ત્યાર પછી પોતાનો ગોવાળ ભેષ ઉતારી રાજશી વસ્ત્રો પહેરી (ધારણ કરી) લે છે. જ્યારે ગ્વાલોનો ભેષ ઉતારીને રાજસી વસ્ત્રોને ધારણ કર્યા તો બેહદની શક્તિ (રાસ બિહારીજીનો આવેશ) તેમાંથી અલગ થઈ જાય છે ત્યારે તે માત્ર વિષ્ણુનો અવતાર રૂપ રહી જાય છે. આ જ ક્ષણે બીજી લીલા (શ્રી કૃષ્ણ લીલાનો બીજો ભાગ) સંપન્ન થઈ જાય છે.

**ટીકા દિયા ઉગ્રસેન કો, ભએ દિન ચાર ।**
**છોડ વસુદેવ ભેખ ઉતારિયા, યા દિન થેં અવતાર ।।**
**પ્રકાશ હિન્દુસ્તાની પ્ર.૩૧ ચો.૫૩**

**ત્રિધા લીલાનો ત્રીજો ભાગ:-**

**શ્રી કૃષ્ણજીના તનમાં શક્તિઓનો સમાવેશ:-**
તન:- શ્રી કૃષ્ણજી (કાલમાયાનું તન)
જીવ:- શ્રી વિષ્ણુજીનો
આવેશ:- X (કોઈ નહીં)

**શ્રી રાધિકાજી માં શક્તિઓનો સમાવેશ:-**

તન:- શ્રી રાધિકાજીનું કાલમાયાનું તન
જીવ:- કાલમાયાનો જીવ
સુરતા:- વેદઋચા સખીઓની
આવેશ:- રાસ બિહારીજીનો (શ્રી કૃષ્ણજીના તન માંથી નીકળી શ્રી રાધિકાજીમાં પ્રવેશ કરે છે)

શ્રી કૃષ્ણજી જેવા રાજસી વસ્ત્રો ધારણ કરે છે કે તરત જ તેમનામાંથી રાસબિહારીજીનો આવેશ અથવા શક્તિ નીકળીને ગોકુળમાં શ્રી રાધિકાજીના તનમાં પ્રવેશ કરી લે છે પરંતુ રાધિકાજી અને સખીઓને તેનો આભાસ થતો નથી. જેવી રીતે યોગમાયામાં અંતર્ધ્યાન લીલા વખતે શ્રી રાજજી નો આવેશ શ્રી શ્યામાજીમાં પ્રવેશ કરી જાય છે અને તે તેમને ખબર પડતી નથી (આવી રીતે જાગણી બ્રહ્માંડમાં ધણીજીનો આવેશ સૂક્ષ્મ રૂપે દરેક આતમની અંદર બિરાજમાન છે પરંતુ વિરહ વિના તેનો અહેસાસ થતો નથી). રાધિકાજી અને બધી સખીઓને રાસબિહારીજીની શક્તિનો અહેસાસ (ભાસ) થતો નથી એટલે ૧૦૦ વર્ષ સુધી તેમના વિરહ માં તડપતી રહી.

આ પ્રમાણે ૧૦૦ વર્ષ સુધી વિરહ માં તડપ્યા પછી વેદઋચા સખીઓ યોગમાયામાં અવ્યાકૃતબ્રહ્મના મહાકરણના શુદ્ધ કારણમાં પહોંચી ગઈ. જયાં વ્રજલીલાનું પ્રતિબિંબ પડી રહેલ છે અને ઈશ્વરીસૃષ્ટિના જીવોની સુરતા પાછી પોતાના મૂળ સ્થાન સબલિકબ્રહ્મના કારણમાં અખંડ વ્રજલીલામાં ચાલી ગઈ તથા રાસબિહારીજીનો આવેશ પોતાના સ્થાન સબલિકબ્રહ્મના મહાકારણમાં પહોંચી ગયો.

**જન્મ ના સમયે શ્રી કૃષ્ણજીને શ્રી વિષ્ણુ ભગવાનજીનો અવતાર કેમ માનવામાં નથી આવતો:-**

વિષ્ણુ ભગવાને વસુદેવ અને દેવકીજીને પૂર્વ જન્મની યાદ આપી સ્પષ્ટ કર્યું કે હવે જે બાળકનો જન્મ થવાનો છે તેને નંદજીના ઘરે કેવી રીતે પહોંચાડવાનું છે. જ્યારે શ્રી કૃષ્ણજી નો જન્મ થાય છે ત્યારે તેમાં ફક્ત વિષ્ણુજીનો જીવ જ નહીં પણ સાથે આ બાળકમાં અખંડ ધામની શક્તિ પણ હોય છે અર્થાત્ તેમનામાં શ્રી અક્ષરબ્રહ્મજી નો આવેશ (પારબ્રહ્મ નો જોશ) દાખલ થઈ જાય છે. એટલા માટે તેમને શ્રી વિષ્ણુ ભગવાનનો અવતાર કહેવામાં (માનવામાં) આવતો નથી. હવે જેવા વસુદેવજી શ્રી કૃષ્ણજીને નંદજીના ઘરે પહોંચાડી દે છે અને ઘરમાં દાખલ થતાં તરત જ શ્રી કૃષ્ણજીના તનમાં અક્ષરબ્રહ્મજીની આતમ અને પારબ્રહ્મનો આવેશ પ્રવેશ કરે છે.

**વસુદેવ ગોકુલ લે ચલે, તાએ ન કહિએ અવતાર ।**
**સો તો નહીં ઇન હદ કા, અખંડ લીલા હૈ પાર ।।**
**શ્રી કલશ હિન્દુસ્તાની પ્ર.૧૮ ચો.૧૪**

શ્રી મહામતીજીની આત્મા કહે છે કે હે સાથજી ! હવે તમે જાગૃત થઈને આત્મજાગૃતિના સુખોનું રસપાન કરો. આ સુખો લેવા માટે બ્રહ્મસૃષ્ટિઓ જ સક્ષમ છે. જો તમે તમારી આત્માને જાગ્રત કરી લેશો તો આ સંસારમાં વ્રજ, રાસ, શ્રી દેવચંદ્રજીના તન થી થયેલ લીલા તથા પરમધામની લીલાનું પ્રત્યક્ષ સુખ પ્રાપ્ત કરી શકશો અને આ બધા સુખ ફક્ત ચિતવની દ્વારા જ પ્રાપ્ત કરી શકાય છે.

**અબ જાગ દેખો સુખ જાગની, એ સુખ સોહાગિન જોગ ।**
**તીન લીલા ચૌથી ઘર કી, ઇન ચારો કો યામેં ભોગ ।।**
**શ્રી કલશ હિન્દુસ્તાની પ્ર.૨૩ ચો.૧**



## અમારી સાથે જોડાવા બદલ ધન્યવાદ!

કોઈપણ પ્રશ્ન માટે કૃપા કરીને શ્રી પ્રાણનાથ જી વાણી **ચેનલ** ની પ્લેલિસ્ટ '**શ્રી કૃષ્ણ ત્રિધા લીલા**' પર અવશ્ય જુઓ.


ShriPrannathJiVani

Shri Prannath Ji Vani

shriprannathjivani@gmail.com


**શ્રી પ્રાણનાથ જી વાણી**

|| પ્રેમ ખોલી દેશે બધા દ્વાર ||